" બુધવારની સાપ્તાહિક પૂર્તિ "
ઉત્સવ
# સંજોગ ન્યૂઝ
SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-353 | AD-2026, Bhadarva Vad-04 | Wednesday, Dt. 30-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠક બાદ પાંચ મુખ્ય માંગણીઓ રજૂ કરી, મુખ્ય ચૂંટણી કમિશનરની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા

# 'નોટબંધીથી અર્થતંત્રનો અને વોટ પ્રતિબંધથી લોકશાહીનો નાશ': ખડગે

નવી દિલ્હી, તા.૨૯

દિલ્હીમાં કોંગ્રેસ કાર્યકારી સમિતિની બેઠક યોજાયા બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પ્રક્રિયાને લઈને અનેક આક્ષેપો કર્યા હતા. ખડગેએ સોશિયલ મીડિયા પોસ્ટ મારફતે કોંગ્રેસની પાંચ મુખ્ય માંગણીઓ રજૂ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે કોંગ્રેસ લોકશાહી અને બંધારણના રક્ષણ માટે સતત અવાજ ઉઠાવતી રહેશે.

ખડગેએ આક્ષેપ કર્યો હતો કે છેલ્લા ૧૨ વર્ષમાં મોદી સરકાર દ્વારા દેશની લોકશાહી સંસ્થાઓને નબળી પાડવામાં આવી છે. તેમના જણાવ્યા મુજબ, મતદાર યાદીમાંથી લોકોનાં નામ દૂર કરવામાં આવી રહ્યાં છે અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા અંગે પ્રશ્નો ઊભા થયા છે. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની કામગીરી અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા.

ખડગેએ કહ્યું હતું કે ડૉ. બાબાસાહેબ આંબેડકરે મતાધિકારને લોકશાહીનું મૂળભૂત તત્વ ગણાવ્યું હતું. તેમના આક્ષેપ મુજબ, આજે મતદારોના નામ મનસ્વી રીતે મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યાં છે. તેમણે દાવો કર્યો હતો કે ફોર્મ-૬ સંબંધિત નિયમોમાં કરવામાં આવેલા ફેરફારોને કારણે યુવાનોના મતાધિકાર અંગે પણ ચિંતા ઊભી થઈ છે.

કોંગ્રેસ અધ્યક્ષે હરિયાણાના મહાદેવપુરા અને મહારાષ્ટ્રમાં મતદાર યાદી સંબંધિત



અનિયમિતતાઓ અંગે રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ડુપ્લિકેટ મતદારો અને એક જ સરનામે મોટી સંખ્યામાં નોંધાયેલા મતદારો અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

કોંગ્રેસે સરકાર અને ચૂંટણી તંત્ર સમક્ષ પાંચ માંગણીઓ મૂકી છે. તેમાં મતદાર યાદીમાં કરવામાં આવેલા મોટા ફેરફારોનો સંપૂર્ણ ડેટા જાહેર કરવો, મતદાર યાદીમાંથી નામ દૂર કરાયેલા લોકોને તેની સંપૂર્ણ માહિતી સાથે અપીલ કરવાની તક આપવી, રાજકીય પક્ષોને મતદાર યાદી અને સંબંધિત ડેટા સરળ તથા ઉપયોગી ફોર્મેટમાં સમયસર ઉપલબ્ધ કરાવવો, ગંભીર વિસંગતતાઓના પુરાવા સામે આવે ત્યાં સ્વતંત્ર અને સમયસર તપાસ કરવી તથા ચૂંટણી પ્રક્રિયા સંબંધિત મુખ્ય ડેટા અને નિર્ણયો પારદર્શક રાખવાનો સમાવેશ થાય છે.

ખડગેએ જણાવ્યું હતું કે ભારતીય મતદારોને પોતાના મતની સુરક્ષા અંગે વિશ્વાસ હોવો જરૂરી છે. તેમણે કહ્યું હતું કે ચૂંટણીમાં જીત-હાર કરતાં લોકશાહી અને બંધારણનું રક્ષણ વધુ મહત્વનું છે. તેમના જણાવ્યા મુજબ, સરકારો અને નેતાઓ બદલાતા રહે છે, પરંતુ લોકશાહી અને બંધારણ દેશ માટે કાયમી આધારસ્તંભ છે.

ખડગેએ નોટબંધીનો ઉલ્લેખ કરતાં આરોપ મૂક્યો હતો કે નોટબંધીથી અર્થતંત્રને નુકસાન થયું હતું અને હવે મતાધિકાર પર પ્રતિબંધ મૂકવાનું ષડયંત્ર રચાઈ રહ્યું છે. તેમણે ખાસ કરીને ગરીબો, દલિતો અને વંચિત વર્ગો માટે મતદાનના અધિકારના રક્ષણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. બેઠકમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિત કોંગ્રેસ કાર્યકારી સમિતિના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

# બાકી ઈ-ચલણની રૂ. ૨૦ હજાર કરોડ રકમ લાઈટ બિલમાં ઉમેરવાનું સુપ્રીમ કોર્ટનું સૂચન

નવી દિલ્હી,તા.૨૯

દેશમાં ટ્રાફિક ઈ-ચલણ (મેમો)ની નબળી વસૂલાતને લઈને સુપ્રીમ કોર્ટે સોમવારે મહત્વની ટિપ્પણી કરી હતી. કોર્ટે કહ્યું હતું કે માત્ર મેમો જારી કરવો પૂરતું નથી, પરંતુ તેનો દંડ પણ વસૂલવો જરૂરી છે. બાકી મેમાની રકમ વીજળીના બિલમાં ઉમેરવાનો રસ્તો શોધવા પણ કોર્ટે સૂચન કર્યું હતું. વીજળીનું બિલ નહીં ભરવામાં આવે તો કનેક્શન કાપી શકાય તેવી જ રીતે બાકી દંડની વસૂલાત અંગે વ્યવસ્થા કરવા જણાવાયું હતું.



કોર્ટને જણાવવામાં આવ્યું કે દેશના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આશરે રૂ.૪૫ હજાર કરોડના ઈ-ચલણ થયા છે. તેમાંથી રૂ.૨૫ હજાર કરોડની વસૂલાત થઈ છે, જ્યારે રૂ.૨૦ હજાર કરોડના ચલણની રકમ હજુ બાકી છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને કે.વી. વિશ્વનાથનની બેન્ચે બાકી ચલણ ધરાવતા વાહનોને પરિવહન પોર્ટલ પર બ્લેકલિસ્ટ કરવાની વ્યવસ્થા અંગે વિચારણા કરવા જણાવ્યું હતું. દંડની ચુકવણી ન થાય ત્યાં સુધી આર.સી.નું નવીનીકરણ, ડુપ્લિકેટ આર.સી. જારી કરવી તથા વાહનની માલિકી ટ્રાન્સફર પર રોક લગાવવાના પગલાં પણ વિચારવા જણાવાયું હતું. વાહનનું ફિટનેસ અને પ્રદૂષણ પ્રમાણપત્ર ન આપવું તેમજ ડ્રાઈવિંગ લાઈસન્સ રિન્યુઅલ અટકાવવા અથવા લાઈસન્સ સસ્પેન્ડ કરવા અંગે પણ વિચારણા કરવા કોર્ટે સૂચન કર્યું હતું. આ મામલો વર્ષ ૨૦૧૨થી ચાલી રહેલી એસ. રાજશેખરન માર્ગ સુરક્ષા જનહિત અરજી સાથે સંકળાયેલો છે.

# આતંકવાદ મુદ્દે અમેરિકા ભારતની ચિંતા સમજતું નથી: વિદેશમંત્રી એસ. જયશંકર



નવી દિલ્હી,તા.૨૯

ન્યૂયોર્કમાં એશિયા સોસાયટીના કાર્યક્રમમાં વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે આતંકવાદને લઈને ભારતની ચિંતાને અમેરિકા યોગ્ય રીતે સમજતું નથી અને તેની અસર બંને દેશોના સંબંધો પર પડે છે. તેમણે કહ્યું કે ભારત દાયકાઓથી પાકિસ્તાન તરફથી થતા સરહદ પારના આતંકવાદનો સામનો કરી રહ્યું છે. જયશંકરે ભારત-અમેરિકા સંબંધોમાં વેપાર અને ટેરિફ સહિતના મુદ્દાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. અમેરિકાના પૂર્વ રાજદ્વારી ડેનિયલ રસેલે વેપાર અને ટેરિફને લઈને સંબંધોમાં આવેલી કડવાશ દૂર કરવા અંગે સવાલ કર્યો હતો. તેના જવાબમાં જયશંકરે કહ્યું કે દુનિયાના ઘણા દેશો માટે અમેરિકા સાથેના સંબંધો અગાઉની સરખામણીએ વધુ મુશ્કેલ બન્યા છે.






# ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસની સુપ્રીમ કોર્ટમાં પદની ભલામણ

નવી દિલ્હી,તા.૨૯

ગુજરાતના ન્યાયિક ક્ષેત્ર માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાયેલી સુપ્રીમ કોર્ટ કોલેજિયમની બેઠકમાં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલને સુપ્રીમ કોર્ટના જજ તરીકે પદોન્નતિ આપવા ભલામણ કરવામાં આવી છે. જસ્ટિસ સુનિતા અગ્રવાલે જુલાઈ ૨૦૨૩માં ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે પદભાર



સંભાળ્યો હતો.

તેઓ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ બનનાર બીજા મહિલા જજ છે. તેઓ મૂળ અલ્હાબાદ હાઈકોર્ટ સાથે જોડાયેલા રહ્યા છે અને ૨૦૧૧માં જજ તરીકે પદોન્નતિ પામ્યા હતા. કોલેજિયમે તેમની સાથે દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને તેલંગાણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ અપરેશ કુમાર સિંહના નામની પણ સુપ્રીમ કોર્ટના જજ તરીકે ભલામણ કરી છે. હવે આ ભલામણો નિમણૂકની નિયમિત પ્રક્રિયા હેઠળ આગળ વધશે.










# બગસરાના નાના મુંજીયાસરથી રફાળા સુધીના રૂ.૧.૩૦ કરોડના ખર્ચે બનનાર રોડનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૨૯



બગસરાના નાના મુંજીયાસરથી રફાળા સુધીના ડામર રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજે રૂ.૧.૩૦ કરોડના ખર્ચે તૈયાર થનારા આ રોડના કારણે ગ્રામજનોને વાહનવ્યવહારમાં સારી સુવિધા મળી રહેશે. રોડ મંજૂર કરાવી કામગીરી શરૂ કરાવવા બદલ ધારી-બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડીયાનો ગ્રામજનો દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન પ્રતિનિધિ પ્રદીપભાઈ ભાખર, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ ભેસાણિયા, મહામંત્રી અશ્વિનભાઈ જોટંગીયા, નાના મુંજીયાસરના સરપંચ પરશોતમભાઈ વઘાસીયા, મનસુખભાઈ ક્યાડા, મોટા મુંજીયાસરના સરપંચ જયસુખભાઈ ખેતાણી સહિત ગામના વડીલો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# બાબરાના ખંભાળા ગામની પરિણીતાને છોડી પતિએ પર સ્ત્રી સાથે મૈત્રી કરાર કર્યા

**પતિએ ગાળો આપતા પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવી**

બાબરા, તા.૨૯

બાબરાના ખંભાળા ગામે રહેતા કાજલબેન મનુભાઈ વાળા (ઉ.વ.૩૭)એ જસદણના વડોદ ગામે રહેતા પતિ મુકેશભાઈ કરશનભાઈ ભટ્ટી, સસરા કરશનભાઈ ગોવિંદભાઈ ભટ્ટી, સાસુ જસુબેન કરશનભાઈ ભટ્ટી સામે ફરિયાદ નોંધાવી હતી. તેમના લગ્ન આજથી તેર વર્ષ પહેલા મુકેશભાઈ ભટ્ટી સાથે થયા હતા. લગ્ન બાદ આરોપીઓ સાથે સંયુક્ત પરિવારમાં રહેતા હતા. આરોપીઓએ થોડો સમય તેમને સારી રીતે રાખ્યા બાદ મેણાટોણા મારી શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપતા હતા. પતિ દારૂ પી આવીને હેરાન પરેશાન કરી ઢીકાપાટુ વડે માર મારતા હતા. સાસુ-સસરાએ ચડામણી કરતાં બિભત્સ શબ્દોમાં ગાળો આપી હતી. પતિએ તેમને તથા તેમના સંતાનોને મુકીને અન્ય સ્ત્રી સાથે મૈત્રી કરાર કરી લીધા હતા. અને આરોપીનો ત્રાસ સહન ન થતા સંતાનો સાથે પોતાના પીયરમાં આવતા રહ્યા હતા. પતિને ફોન કરી તેડી જવા જણાવતા તેમણે ફોનમાં બિભત્સ શબ્દોમાં ગાળો આપી, જાનથી મારી નાખવાને ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી એ ચારોલા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં GUDCની કામગીરી સામે રોષ, પીવાના પાણીની લાઈન ગટર વચ્ચે દાટી!

સાવરકુંડલા તા. ૨૯



સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નં. ૮ના સભ્ય મેઘાબેન ગઢિયાએ GUDC ની ગટર યોજનાની કામગીરીમાં ગંભીર બેદરકારી દર્શાવી છે. તેમણે પીવાની મુખ્ય DI લાઈન ગટર વચ્ચે જ દાટી દેવાઈ હોવાનો આક્ષેપ કર્યો છે.

ગટર લીકેજથી પીવાનું પાણી દૂષિત થવાની ભીતિ વ્યક્ત કરી તેમણે સાત દિવસમાં લાઈન અલગ કરવા, પેમેન્ટ રોકવા અને જવાબદાર એન્જિનિયર સામે પગલાં લેવાની ચીમકી આપી છે.

# અમરેલી-વિસાવદર વચ્ચે 'મિશન બ્રોડગેજ' અભિયાનને તેજ કરાયું

**ધારી પત્રકાર સંઘની સાંસદ ભરત સુતરીયા અને સ્થાનિક આગેવાનો સાથે વધુ એક રજૂઆતની તૈયારી**

અમરેલી,તા.૨૯



અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ રેલવે સુવિધાની માંગને લઈને ધારી પત્રકાર સંઘ દ્વારા 'મિશન બ્રોડગેજ' નામે બિનરાજકીય અભિયાન હાથ ધરાયું છે. આ અંતર્ગત સાંસદ ભરતભાઈ સુતરીયા સાથે વધુ એક બેઠક યોજી ધારાસભ્ય જે.વી. કાકડીયા, માજી ધારાસભ્ય હર્ષદભાઈ રીબડિયા સહિતના આગેવાનો અને જાગૃત નાગરિકોને સાથે રાખી રજૂઆત કરવામાં આવશે. સાંસદ સુતરીયાએ અગાઉ લોકસભામાં અમરેલીથી ધારી બ્રોડગેજ અંગે પ્રશ્ન ઉઠાવ્યો હોવાનું સંસદીય રેકોર્ડમાં નોંધાયું છે. ધારી, ચલાલા અને વિસાવદર સહિતના વિસ્તારોને બ્રોડગેજ કનેક્ટિવિટી મળે તો અમદાવાદ, સુરત અને મુંબઈ તરફની રેલવે કનેક્ટિવિટી તથા વેપાર-ઉદ્યોગને લાભ મળી શકે તેવી રજૂઆત કરવામાં આવી રહી છે. અમરેલી-ધારી-વિસાવદર મીટરગેજ નેટવર્કનો મોટો હિસ્સો ગીર રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી પસાર થતો હોવાથી પર્યાવરણીય મંજૂરીનો મુદ્દો પણ મહત્વનો છે.

# અમરેલીના પી.પી. સોજીત્રાને જન્મદિને શુભેચ્છા પાઠવાઈ

અમરેલી,તા.૨૯



અમરેલીના પી.પી. સોજીત્રાના જન્મદિવસ નિમિત્તે અમરેલી બિલ્ડર એસોસિયેશનના પ્રમુખ હિંમતભાઈ સોળીયા સહિતના સભ્યોએ શુભેચ્છા મુલાકાત કરી હતી.

આ પ્રસંગે રાજુભાઈ શિયાણી, દીપકભાઈ મહેતા, ચંદુભાઈ વોરા, સંજયભાઈ વાગડિયા, જીગ્નેશભાઈ રામાણી (ડેનીભાઈ), વિજયભાઈ કાછડીયા, જયંતીભાઈ ડોબરીયા અને જયસુખભાઈ પાનેલીયા સહિતના સભ્યોએ પી.પી. સોજીત્રાને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

# બાબરા માર્કેટિંગ યાર્ડની ચૂંટણીમાં ભાજપ પ્રેરિત પેનલનો દબદબો

**ખેડૂત વિભાગની ૧૦ અને વેપારી વિભાગની ૪ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીનું પરિણામ જાહેર**

બાબરા,તા.૨૯



તસવીર : દિપક કનૈયા

બાબરા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિની કુલ ૧૪ બેઠકો માટે તા. ૨૮ સપ્ટેમ્બરે મતદાન યોજાયું હતું અને તા. ૨૯ સપ્ટેમ્બરે પરિણામ જાહેર થયું હતું. ચૂંટણીમાં ખેડૂત વિભાગની ૧૦ તથા વેપારી વિભાગની ૪ બેઠકો માટે કુલ ૨૯ ઉમેદવારો મેદાનમાં હતા. વેપારી વિભાગમાં ભાજપ પ્રેરિત પેનલના લલીતભાઈ આંબલીયા અને ખોડીદાસભાઈ ભંડેરી વિજેતા બન્યા હતા, જ્યારે અપક્ષ રાજેશભાઈ મકવાણા અને વિજયભાઈ રાઠોડનો પણ વિજય થયો હતો. ખેડૂત વિભાગમાં રમેશભાઈ નાથાભાઈ, જયસુખભાઈ કલકાણી, અજીતભાઈ ખોખરીયા, નિર્મલભાઈ ચાવડા, ચનાભાઈ ઝાપડિયા, જગદીશભાઈ નાકરાણી, હિંમતભાઈ પાનસેરિયા, મહેશભાઈ ભાયાણી, અશોકભાઈ રાખોલીયા અને જીવાજીભાઈ રાઠોડ વિજેતા બન્યા હતા. પરિણામ બાદ સમર્થકોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી બાબરા ખાતે ઉપસ્થિત રહી વિજેતાઓને શુભેચ્છા પાઠવી હતી. હવે ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણી અંગે ચર્ચા શરૂ થઈ છે.

# ખાંભા તાલુકાના ડેડાણ નજીક હરિ ઓમ ગૌશાળામાં ૧૦૮ દિવસનું અનુષ્ઠાન

અમરેલી,તા.૨૯



ખાંભા તાલુકાના ડેડાણ નજીક પ્રકૃતિના સાનિધ્યમાં આવેલ હરિ ઓમ ગૌશાળા ખાતે પરમ પૂજ્ય મુક્તાનંદ બાપુ દ્વારા ૧૦૮ દિવસનું અનુષ્ઠાન યોજાયું છે. આ આયોજન આચાર્ય કિશનભાઈ મહેતા દ્વારા ભવ્ય અને દિવ્ય રીતે કરવામાં આવ્યું છે. તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી ચાલનારા આ અનુષ્ઠાનમાં ગત રવિવારે ચલાલાના તબીબ વિક્રમ ભરાડ, અમરેલી દશનામ સમાજના આગેવાન અતુલપુરી ગોસાઈ, ડૉ. નિલેશ કુબાવત, ડૉ. કિરીટ દવે સહિત પરિવારજનોએ ઉપસ્થિત રહી લ્હાવો લીધો હતો.

# જાફરાબાદની ૭ શાળાઓમાં ફૂટબોલ, ક્રિકેટ, બેડમિન્ટન, ચેસ સહિત વિવિધ રમતગમતના સાધનોનું વિતરણ

જાફરાબાદ,તા.૨૯



તસવીર : બાબુ વાઢેળ

જાફરાબાદ અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ, યુનિટ નર્મદા સિમેન્ટ-જાફરાબાદ વર્ક્સ દ્વારા ગ્રામ્ય વિસ્તારના બાળકોમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ વધારવા અને તેમને નિયમિત શાળાએ આવવા પ્રેરિત કરવા સરાહનીય પહેલ કરવામાં આવી છે. કંપની દ્વારા આસપાસની સાત શાળાઓમાં વિવિધ રમતગમતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાબરકોટ, વઢેરા, મિતિયાળા તથા વાપરિયા-મિતિયાળાની કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયને સાધનો અપાયા હતા. જેમાં ફૂટબોલ, વોલીબોલ, બાસ્કેટબોલ, હેન્ડબોલ, ક્રિકેટ બેટ-બોલ, બેડમિન્ટન, ચેસ, રીંગ, ગોળા ફેંક અને ભાલા ફેંકના સાધનોનો સમાવેશ થાય છે.

# સાવરકુંડલાની બારશેરી આંગણવાડી કેન્દ્ર ખાતે ભવ્ય આંગણોત્સવ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૨૯



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા ઘટક-૧ના બારશેરી આંગણવાડી કેન્દ્ર કોડ નં. ૩૦ ખાતે આંગણ મિલન સેવા અભિયાન અંતર્ગત ભવ્ય આંગણોત્સવ યોજાયો હતો. કાર્યક્રમમાં બાળકોના પોષણ, આરોગ્ય અને સર્વાંગી વિકાસ અંગે વાલીઓને માહિતી આપવામાં આવી હતી. મેનૂ, THR તથા વિવિધ રમકડાંનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સી.ડી.પી.ઓ. શરીફાબેનની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં મહિલા મોરચાના હિરલબેન ચુડાસમા, કાઉન્સિલર અસ્મિતાબેન મૈસુરીયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સગર્ભા માતા, ધાત્રી માતા અને કિશોરીઓના પોષણ અંગે માર્ગદર્શન અપાયું હતું. સારી કામગીરી કરનાર આંગણવાડી કાર્યકર, તેડાગર અને આશા વર્કર બહેનોનું સન્માન કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન મિતલબેન દવે દ્વારા કરવામાં આવ્યું હતું.







**રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના મહાનુભાવોએ આઇ.ટી.આઇ. ખાતે વૃક્ષારોપણ કર્યું, ગાંધીબાગ ખાતે 'મન કી બાત'નું સામૂહિક શ્રવણ કરાયું**

# 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત અમરેલી ITI ખાતે વૃક્ષારોપણ

અમરેલી, તા. ૨૯

પર્યાવરણ સંરક્ષણના ઉમદા હેતુ સાથે અમરેલીની આઇ.ટી.આઇ. ખાતે 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્યના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા સહિતના મહાનુભાવોએ વૃક્ષારોપણ કર્યું હતું.

આ પ્રસંગે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ પ્રકૃતિના જતન માટે વૃક્ષોના મહત્વ અંગે જણાવ્યું હતું. તેમણે ઉપસ્થિત યુવાનો અને નાગરિકોને વધુમાં વધુ વૃક્ષો વાવવા તેમજ પર્યાવરણની સુરક્ષા માટે સક્રિય સહભાગી બનવા અપીલ કરી હતી.પર્યાવરણ સંરક્ષણની ઝુંબેશના ભાગરૂપે ઈકો અર્થ ફાઉન્ડેશન દ્વારા 'પ્રોજેક્ટ નવજીવન' હેઠળ અમરેલી વિસ્તારમાં 'I am ClimateHero' પહેલ શરૂ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત માત્ર નવા છોડ રોપવા






પૂરતું મર્યાદિત ન રહેતા, વર્ષો જૂના અને વિકસિત થઈ ચૂકેલા વૃક્ષોની યોગ્ય જાળવણી, સાચવણી તેમજ વૈજ્ઞાનિક પધ્ધતિથી માવજત કરવાના કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. જૂના વૃક્ષોને બચાવી તેમની યોગ્ય માવજત કરવામાં આવે તો પર્યાવરણને લાંબા ગાળે ફાયદો થઈ શકે છે. આ પ્રયાસથી અમરેલીના હરિયાળા વાતાવરણને ટકાઉ બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.ક્લાઈમેટ ચેન્જની વૈશ્વિક સમસ્યાઓ સામે લડવા માટે ગ્રીન કવર વધારવું જરૂરી છે. નવા વૃક્ષોનું વાવેતર કરવાની સાથે હયાત જૂના વૃક્ષોની જાળવણી પણ એટલી જ મહત્વની છે. વિકસિત વૃક્ષો પર્યાવરણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વૃક્ષોની યોગ્ય માવજત અને જાળવણી દ્વારા પર્યાવરણને વધુ લાભ મળે તે દિશામાં ફાઉન્ડેશન દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.આ ઉપરાંત અમરેલી સ્થિત ગાંધીબાગ ખાતે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, અમરેલી શહેરના વિવિધ સંગઠનોના હોદ્દેદારો, સ્થાનિક અગ્રણીઓ તથા સ્વચ્છતા કર્મવીરોએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'નું સામૂહિક શ્રવણ કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન દેશના વિવિધ વિસ્તારોમાં ચાલી રહેલી પ્રેરણાદાયી પ્રવૃત્તિઓ, સ્વચ્છતા, વૃક્ષારોપણ, પર્યાવરણ સંરક્ષણ, જલ શક્તિ અને સ્વનિર્ભરતાને લગતા વિચારોનું શ્રવણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ રાષ્ટ્રનિર્માણના કાર્યોમાં સક્રિય યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# સાવરકુંડલામાં ગેરકાયદે બાંધકામો પર બીજા દિવસે પણ બુલડોઝર ફર્યું

સાવરકુંડલા, તા.૨૯

સાવરકુંડલા શહેરમાં ગેરકાયદે બાંધકામો અને દબાણો દૂર કરવાની ડિમોલિશન કામગીરીનો આજે બીજો દિવસ રહ્યો હતો.

શહેરના નદી બજાર વિસ્તારમાં પાલિકા અને તંત્રની ટીમ દ્વારા ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. બુલડોઝરની મદદથી દબાણો અને બાંધકામો દૂર કરવામાં આવ્યા હતા. કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.


તસવીર : સૌરભ દોશી

તંત્રનો કાફલો પણ સ્થળ પર હાજર રહ્યો હતો. ડિમોલિશનની કામગીરી જોવા માટે નદી બજાર વિસ્તારમાં લોકોનાં ટોળાં એકત્ર થયાં હતાં.

શહેરમાં સતત બીજા દિવસે ગેરકાયદે બાંધકામો અને દબાણો સામે કાર્યવાહી થતાં તંત્રની ઝુંબેશ અંગે ચર્ચા તેજ બની છે. સ્થાનિક તંત્ર દ્વારા આગામી દિવસોમાં પણ આવી કાર્યવાહી ચાલુ રહેવાની શક્યતા વચ્ચે શહેરમાં દબાણો અંગે ચર્ચા વેગવાન બની છે.

# સાવરકુંડલાના મેરીયાણા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો, સ્થળ પર જ અરજીઓનો નિકાલ

અમરેલી,તા.૨૯

સાવરકુંડલા તાલુકાના મેરીયાણા ગામે પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સાવરકુંડલા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી તેમજ ગ્રામજનોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી સેવા સેતુ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગાધકડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આરોગ્ય




વિભાગ, મામલતદાર કચેરીના રેશનકાર્ડ વિભાગ, આધારકાર્ડ કેન્દ્ર, પીજીવીસીએલ વીજપડી શાખા તેમજ તાલુકા પંચાયતના વિવિધ વિભાગોના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા બેંક વીજપડી શાખાના મેનેજર, સમાજ કલ્યાણ શાખા સહિતના વિભાગોના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. સેવા સેતુમાં ગ્રામજનોને વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓ અંગે માર્ગદર્શન આપી સ્થળ પર જ લાભ આપવામાં આવ્યો હતો. સાવરકુંડલા તાલુકા સરપંચ એસોસિએશનના પ્રમુખ હિતેશભાઈ ખાત્રાણીએ અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, લાભાર્થીઓએ સરકારની વિવિધ યોજનાઓનો લાભ લીધો હતો.

# સાવરકુંડલાના પે. સેન્ટર શાળા નં.-૧ના વિદ્યાર્થીઓનો ખેલ મહાકુંભમાં ડંકો

સાવરકુંડલા તા.૨૯

તાલુકા કક્ષાના ખેલ મહાકુંભમાં સાવરકુંડલાની પે. સેન્ટર શાળા નંબર-૧ના વિદ્યાર્થીઓએ ચેસ અને યોગાસન સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. અંડર-૧૪ ચેસ સ્પર્ધામાં પરમાર રુદ્રએ પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. જ્યારે યોગાસન સ્પર્ધામાં બોસમિયા જીતે પ્રથમ



સ્થાન મેળવ્યું હતું. માર્ગદર્શક શિક્ષક હિતેશભાઈ જોશીના પ્રોત્સાહનથી વિદ્યાર્થીઓએ સિદ્ધિ મેળવી હતી. શાળા પરિવાર અને વાલીઓએ વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી આગામી સ્પર્ધાઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

# વડીયાના અનિડા ગામે 'આંગણ ઉત્સવ ૨૦૨૬'ની કરાઈ ઉજવણી

અમરેલી,તા.૨૯

વડિયાના અનિડા ગામે આઈસીડીએસ કચેરી, કુંકાવાવના માર્ગદર્શન હેઠળ આંગણવાડી કેન્દ્ર નં. ૫૬ અને ૫૭ ખાતે 'આંગણ ઉત્સવ–૨૦૨૬'ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત આંગણવાડી વર્કર ચંદ્રિકાબેન પરવાડીયાએ ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી દીપ પ્રાગટ્ય સાથે કરી હતી. આંગણ



ઉત્સવ અંતર્ગત લાભાર્થીઓને ટી.એચ.આર. (ટેક હોમ રાશન)નું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ બાળદિનની ઉજવણી કરી બાળકોને સુખડી અને ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# રાજુલાના આંગણવાડી કેન્દ્ર નં. ૨૨ ખાતે આંગણ ઉત્સવ યોજાયો

રાજુલા,તા.૨૯

રાજુલા શહેરના આંગણવાડી કેન્દ્ર નંબર ૨૨ ખાતે તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે આંગણ ઉત્સવ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં સુપરવાઈઝર તેજલબેન પુરોહિત, હેલ્પર ઈલાબેન વાઘેલા તથા વર્કર અનસુયાબેનની સારી કામગીરી


તસવીર : ગોપાલ રાઠોડ

બદલ પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા સદસ્ય અર્ચનાબેન પરાગભાઈ જોશી, એકતાબેન ગુજરીયા, મામલતદાર પુરોહિત, ઘનશ્યામભાઈ મશરૂ, પરેશભાઈ, ચિંતનભાઈ તેમજ પરાગભાઈ જોશી ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં સમર્થ મહિલા ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટીની ત્રીજી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

બગસરા તા.૨૯

બગસરા પટેલવાડી ખાતે સમર્થ મહિલા ક્રેડિટ કો.ઓપરેટીવ સોસાયટીની ત્રીજી વાર્ષિક સાધારણ સભા જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ લીનાબેન વિપુલભાઈ કાવાણીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય જયશ્રીબેન અતુલભાઈ કાનાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. મંત્રી રૂપલબેન સરવૈયાએ સ્વાગત પ્રવચન કરી મંડળીની ત્રણ વર્ષની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો



તસવીર : હાર્દિક બામટા

હતો. મંડળીમાં રૂ.૯૪ લાખથી વધુની ડિપોઝિટ સામે રૂ.૧ કરોડથી વધુનું ધિરાણ કરવામાં આવ્યું હોવાનું જણાવાયું હતું. ચોખ્ખો નફો રૂ.૭૨ હજારથી વધુ રહ્યો હતો. ચેરમેન અરુણાબેન બાબરીયાએ વિવિધ ધિરાણ યોજનાઓનો બહેનો વધુમાં વધુ લાભ લઈ આત્મનિર્ભર બને તેવી અપીલ કરી હતી. સભામાં બગસરા શહેર તથા આસપાસના ગામોની મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી.

# અમરેલીમાં સ્વ. ચંપાબેન શેખલિયાના પરિવારે દેહદાન કરી માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું

અમરેલી,તા.૨૯

અમરેલી સ્થિત શાંતાબા મેડિકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલના એનાટોમી વિભાગમાં સ્વ. ચંપાબેન શેખલિયાના પરિવારજનોએ પૂજ્ય માતૃશ્રીનો દેહ તબીબી અભ્યાસ અર્થે અર્પણ કરીને સમાજસેવાનું અનોખું અને પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ મહાદાનથી મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓને માનવ



શરીરની જટિલ રચના, સ્નાયુઓ, વિવિધ અંગો, રક્તવાહિનીઓ અને ચેતાતંત્રનો પ્રત્યક્ષ તથા પ્રાયોગિક અભ્યાસ કરવાની અમૂલ્ય તક પ્રાપ્ત થશે. આ પ્રસંગે શેખલિયા પરિવારના મોભીઓ, સ્નેહીજનો તેમજ નેત્રદાન સમિતિના ડૉ. જયંતીભાઈ કુંભાણી, વિજયભાઈ ભાલાળા અને અરવિંદભાઈ વામજા સહિતના હોદ્દેદારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. હોસ્પિટલ તંત્ર દ્વારા પરિવારનો આભાર માની સમાજને દેહદાન માટે આગળ આવવા નમ્ર અપીલ કરવામાં આવી હતી.

## અવસાન નોંધ

**બગસરા**

રેશમડી ગાલોળ નિવાસી ઔદિચ્ય ખરેડી સમવાય બ્રાહ્મણ સ્વ.વિજયભાઈ (બકુલભાઈ) હરિભાઈ જોષી (ઉંમર વર્ષ ૬૫) તે પાર્થ અને ભાર્ગવના પિતાશ્રી તેમજ ગીરીશભાઈ, અશોકભાઈ, કિરીટભાઈ,મુકેશભાઈ, અતુલભાઈ,પ્રવિણાબેન વિનોદભાઈ ત્રિવેદી (બગસરા) તથા સરોજબેન હરેશકુમાર જોષી (જૂનાગઢ) ના ભાઈ તેમજ જયેશભાઇ દિનકરભાઇ ત્રિવેદી (બગસરા) અને સ્વ. પિયુષભાઇના બનેવીનુ તા. ૨૭ ને રવિવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે.સદ્‌ગતનું બેસણું તા ૧ ને ગુરૂવાર બપોરે ૨ થી ૫ કલાકે તેમના નિવાસ સ્થાને રેશમડી ગાલોળ મુકામે રાખેલ છે.









## તંત્રી લેખ

# આકાશમાંથી આવતા જોખમ સામે લોખંડી ઢાલ

આજના સમયમાં યુધ્ધ લડવાની રીત સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. અગાઉ યુધ્ધ મેદાનમાં તોપ, ટેન્ક અને સૈનિકો સામસામે આવતા હતા, જ્યારે હવે નાનકડું ડ્રોન પણ મોટી સેનાને પડકાર આપી શકે છે. ખિસ્સામાં સમાઈ જાય તેવડું સસ્તું ડ્રોન જાસૂસી, બોમ્બમારો અને દાણચોરી માટે ઉપયોગમાં લેવાઈ રહ્યું છે. આ નવા જોખમને ધ્યાનમાં રાખીને ભારતીય સેનાએ સરહદ પર સંવેદનશીલ લશ્કરી મથકો માટે મજબૂત રક્ષણ કવચ ઊભું કરવાની તૈયારી શરૂ કરી છે. સેનાની નવી યોજના મુજબ સંવેદનશીલ લશ્કરી થાણાઓ ઉપર મોટી સ્ટીલની જાળીઓ લગાવવામાં આવશે. આ જાળી ત્રણ સ્તરની ખાસ ડિઝાઈન ધરાવશે. દરેક સ્તર વચ્ચે થોડું અંતર રાખવામાં આવશે, જેથી ઉપરથી આવતું ડ્રોન સીધું નીચે ન પડે, તેની ઝડપ ઘટે અને તે જાળીમાં જ ફસાઈ જાય. આશરે ૩૭ મીટર લાંબી અને ૨૦ મીટર પહોળી આ છત જેવી રચના કમાન્ડ સેન્ટર, દારૂગોળાના ગોડાઉન અને અન્ય મહત્વના મથકોને સુરક્ષા પૂરી પાડશે. આ જાળીની બીજી ખાસિયત એ હશે કે તે દુશ્મનની નજરે સરળતાથી ચડે નહીં. તેના પર ન ચમકે તેવો ખાસ રંગ અને આસપાસના વિસ્તારમાં ભળી જાય તેવો છદ્મવેશી પેઈન્ટ લગાવવામાં આવશે. આથી ઉપરથી ઉડતા ડ્રોનના કેમેરા કે થર્મલ સેન્સર માટે તેને ઓળખવું મુશ્કેલ બની શકે છે. આ પ્રકારની વ્યવસ્થા હેઠળ નીચે રહેલા મહત્વના મથકોની સુરક્ષા વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. જોકે, સ્ટીલ મેશ એકલું જ રક્ષણ નહીં આપે. ભારતીય સેના પાસે ડ્રોનને નિશાન બનાવતી બંદૂકો, લેસર શસ્ત્રો અને ડ્રોનના સિગ્નલને અવરોધતા જામર સહિતની વિવિધ ડ્રોન વિરોધી વ્યવસ્થાઓ છે. રડાર અને જામર દ્વારા ડ્રોનને શોધી તેને રોકવાનો પ્રયાસ કરવામાં આવશે અને જો કોઈ ડ્રોન આ વ્યવસ્થામાંથી છટકી જાય તો સ્ટીલ મેશ તેને નીચે પહોંચતા અટકાવશે. આ રીતે આકાશથી જમીન સુધી સુરક્ષાનું બહુસ્તરીય કવચ ઊભું કરવાનો પ્રયાસ છે. ભારત-પાકિસ્તાન સરહદ પર ડ્રોન ઘૂસણખોરીની ઘટનાઓને કારણે પણ આ પ્રકારની સુરક્ષાનું મહત્વ વધ્યું છે. સુરક્ષા એજન્સીઓ દ્વારા અગાઉ નોંધાયેલી ઘટનાઓમાં કેટલાક ડ્રોન મારફતે દારૂગોળો અને માદક પદાર્થો મોકલવાના પ્રયાસો તેમજ જાસૂસીની ઘટનાઓ સામે આવી છે. નાના અને નીચી ઊંચાઈએ ઉડતા ડ્રોનને શોધવા પડકારરૂપ હોવાથી સેનાએ પોતાના હવાઈ સંરક્ષણ સાધનોમાં પણ જરૂરી ફેરફારો કર્યા છે. તાજેતરના ઓપરેશન સિંદૂર દરમિયાન પણ ડ્રોનનો ઉપયોગ જાસૂસી અને દેખરેખ માટે મહત્વપૂર્ણ રહ્યો હતો. રશિયા-યુક્રેન યુધ્ધ દરમિયાન પણ સૈનિકોએ ટેન્ક અને બંકર ઉપર લોખંડની જાળીઓનો ઉપયોગ કર્યો હોવાનું જોવા મળ્યું છે. આવા અનુભવોમાંથી શીખીને ભારતીય સેના હવે વધુ વૈજ્ઞાનિક અને બહુસ્તરીય ડ્રોન વિરોધી સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવા પર ભાર આપી રહી છે. આ સમગ્ર પ્રયાસમાં આત્મનિર્ભર ભારતને પણ મહત્વ આપવામાં આવી રહ્યું છે. ભારતીય સેના દેશના ઉદ્યોગો સાથે મળીને સ્વદેશી ડ્રોન તથા ડ્રોન વિરોધી ટેકનોલોજી વિકસાવવાની દિશામાં આગળ વધી રહી છે. દેશમાં જ ટેકનોલોજીનું ઉત્પાદન થવાથી ખર્ચ ઘટાડવા, સમારકામ ઝડપી કરવા અને વિદેશી નિર્ભરતા ઘટાડવામાં મદદ મળી શકે છે. યુધ્ધ હવે માત્ર જમીન પર નહીં, પરંતુ આકાશમાં પણ લડાઈનું સ્વરૂપ ધારણ કરી રહ્યું છે. તેથી સરહદ પર તૈનાત જવાનો, બંકર, કમાન્ડ સેન્ટર, દારૂગોળાના ગોડાઉન અને અન્ય મહત્વના મથકોને ડ્રોન હુમલાથી બચાવવા માટે સ્ટીલ મેશ જેવી બહુસ્તરીય સુરક્ષા વ્યવસ્થા મહત્વપૂર્ણ બની રહી છે.

# સાવરકુંડલાની કાણકિયા કોલેજમાં મેગા થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૨૯

સાવરકુંડલા ખાતે નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી. કાણકિયા આર્ટસ અને એમ. આર. સંઘવી કોમર્સ કોલેજમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે મેગા થેલેસેમિયા ટેસ્ટ કેમ્પ યોજાયો હતો. કાર્યક્રમના ઉદ્ઘાટન સમારોહમાં લીલીયા-સાવરકુંડલા વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, માનવ મંદિરના સંચાલક



તસવીર : સૌરભ દોશી

ભક્તિરામબાપુ, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયા, દાતા સહયોગી અષ્ટકાંતભાઈ સૂચક સહિત મંડળના ટ્રસ્ટીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ માટે ટેસ્ટ નિઃશુલ્ક રાખવામાં આવ્યો હતો.

કેમ્પ માટેની સંપૂર્ણ નાણાકીય સહાય માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન, મૂળ સાવરકુંડલા હાલ મુંબઈ, દ્વારા આપવામાં આવી હતી. સાવરકુંડલાની તમામ કોલેજોમાં પણ કેમ્પ યોજાયો હતો. કાણકિયા કોલેજના અંદાજે ૭૦૦ વિદ્યાર્થીઓએ ટેસ્ટનો લાભ લીધો હતો. કાર્યક્રમનું સંકલન-સંચાલન આચાર્ય ડૉ. એસ.સી. રવિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# લાઠીના સુવાગઢ ગામની સીમમાં યુવકને જાનથી મારવાની ધમકી

**લોખંડ વડે ડાબા ખભા પર ઘા મારી ઈજા પહોંચાડી**

લાઠી, તા.૨૯

લાઠીના સુવાગઢ ગામની સીમમાં યુવકને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. હાર્દિકભાઈ જેન્તીભાઈ પડાયા (ઉ.વ.૨૨) એ ગઢડા તાલુકાના વિકળીયા ગામના પરેશભાઈ પોપટભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની તથા આરોપીને વાડીએ જવાનો રસ્તો એક જ છે. આ રસ્તા ઉપર તેઓ ચાલતા સારૂ લાગ્યું નહોતું. જેથી તેમને એક ઝાપટ મારી લોંખડનાં પાઈપ વડે જમણા પગે લોંખડનાં ત્રણ-ચાર ઘા માર્યા હતા. ઉપરાંત ડાબા ખંભે પણ લોખંડનો એક ઘા મારી મુંઢ ઈજા પહોંચાડીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી એ ચારોલા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા પંથકમાં બે મહિલાએ વિવિધ કારણોસર જીવન ટૂંકાવ્યું

**બે મહિલાઓના મોતથી સમગ્ર પંથકમાં અરેરાટી મચી**

બાબરા, તા.૨૯

બાબરા પંથકમાં બે મહિલાએ વિવિધ કારણોસર જીવન ટૂંકાવ્યું હતું. લાઠીના સભાડીયા ગામે રહેતા સંજયભાઈ બુધાભાઈ મકવાણા (ઉ.વ.૨૫)એ જાહેર કર્યા મુજબ, બાબરા કાકરીયા ચોરાએ રહેતા જાગૃતિબેન નરેશભાઈ પાટડીયા (ઉ.વ.૨૩) એ માનસિક બીમારીથી કંટાળી જઈ ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. બીજા બનાવમાં બાબરાના ચમારડી ગામે રહેતા દેવરાજભાઈ ભગવાનભાઈ વિકાણી (ઉ.વ. ૫૨)એ જાહેર કર્યા મુજબ, વિજ્યાબેન દેવરાજભાઈ વિકાણી (ઉ.વ. ૫૦)એ લાંબા સમયથી મગજ અને હૃદયની બિમારીના કારણે કંટાળી જઈ ઘઉંમાં નાંખવાના ટીકડા ખાઈ આત્મહત્યા કરી હતી.

# લોકશાળા ખડસલીની ટીમ અન્ડર-૧૭માં ચેમ્પિયન, ઓપનમાં રનર્સઅપ

અમરેલી,તા.૨૯

સાવરકુંડલા શહેરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત કબડ્ડી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં સાવરકુંડલા તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી આશરે ૨૦ ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અન્ડર-૧૭ ભાઈઓની કબડ્ડી સ્પર્ધામાં ૧૦ થી વધુ ટીમો વચ્ચે રમાયેલી સ્પર્ધામાં લોકશાળા



ખડસલીની ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કરી વિજેતા બની હતી. ખડસલીના ખેલાડીઓએ શરૂઆતથી જ આક્રમક અને શિસ્તબધ્ધ રમત રમી વિરોધી ટીમોને પડકાર આપ્યો હતો. જ્યારે ઓપન કબડ્ડીમાં SKGK અને ખડસલી લાયન્સ વચ્ચે ફાઈનલ મુકાબલો રમાયો હતો. જેમાં ભારે રોમાંચક ટક્કર બાદ ખડસલી લાયન્સની ટીમ રનર્સઅપ રહી હતી. હવે ખડસલી લાયન્સની ટીમ સાવરકુંડલા તાલુકાનું પ્રતિનિધિત્વ કરી જિલ્લા કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ભાગ લેશે. ટીમની સિદ્ધિથી ખડસલી ગામમાં આનંદની લાગણી જોવા મળી રહી છે.

# બાબરા લોહાણા સમાજ દ્વારા જનરલ નોલેજ કોમ્પિટિશન-૨૦૨૬નું આયોજન

બાબરા,તા.૨૯

બાબરા લોહાણા સમાજ દ્વારા વિદ્યાર્થીઓમાં સામાન્ય જ્ઞાન વધે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યે જાગૃતિ અને રસ કેળવાય તે હેતુથી જનરલ નોલેજ કોમ્પિટિશન-૨૦૨૬નું આયોજન બાબરા કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં બાબરા તાલુકાના




મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પરીક્ષામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ તેમજ ઉપસ્થિત રહી સહકાર આપનાર વાલીઓનો લોહાણા મહાજન, બાબરા તથા લોહાણા મહાપરિષદ, બાબરા તાલુકા દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપનાર સમાજબંધુઓ, કાર્યકરો અને આયોજકોનો પણ આભાર માનવામાં આવ્યો હતો.

# અમરેલી શહેરમાંથી સગીરાનું બદકામના ઈરાદાથી અપહરણ

**દીકરીને લગ્ન કરવાની લાલચ આપી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો**

અમરેલી, તા.૨૯

અમરેલીમાંથી એક સગીરાનું બદકામના ઈરાદાથી અપહરણ કરવામાં આવ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે.

સગીરાની માતાએ વિજય ઉર્ફે કાળિયો મંગળદાસ વસાવા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી તેમની સગીર દીકરીને લગ્ન કરવાની લાલચ આપી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયો હતો. આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ. એમ. ઝાલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૬૦ | ૧૮૮૧ |
| ઘઉં લોકવન | ૫૫૧ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૨ |
| જુવાર સફેદ | ૧૪૪૫ | ૧૫૦૧ |
| જુવાર લાલ | ૧૧૭૭ | ૧૩૦૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૧૦ |
| બાજરી | ૩૬૨ | ૪૬૫ |
| તુવેર | ૧૩૫૦ | ૧૮૦૪ |
| ચણા પીળા | ૧૨૮૦ | ૧૩૮૦ |
| ચણા સફેદ | ૧૪૨૫ | ૨૧૮૧ |
| અડદ | ૧૩૩૦ | ૧૮૩૬ |
| મગ | ૧૩૪૦ | ૧૭૮૭ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૩૬૦ |
| ચોળી | ૯૦૦ | ૧૫૫૧ |
| વટાણા | ૫૨૦ | ૯૬૫ |
| કળથી | ૪૫૦ | ૬૨૫ |
| રાજમા | ૧૮૪૦ | ૨૨૪૧ |
| સીંગદાણા | ૧૫૯૦ | ૧૯૫૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૪૫૬ |
| મગફળી જીણી | ૧૩૧૦ | ૧૭૬૦ |
| તલી | ૨૧૦૦ | ૨૬૬૦ |
| એરંડા | ૧૩૦૧ | ૧૪૬૨ |
| સુવા | ૧૩૫૦ | ૧૬૯૨ |
| સોયાબીન | ૯૪૦ | ૧૧૫૦ |
| સીંગફાડા | ૧૧૯૨ | ૧૮૨૨ |
| કાળા તલ | ૨૬૪૦ | ૩૨૯૨ |
| લસણ | ૧૧૧૦ | ૨૪૫૦ |
| ધાણા | ૨૨૫૦ | ૨૮૫૬ |
| ધાણી | ૨૩૫૦ | ૨૮૯૪ |
| વરીયાળી | ૧૫૦૦ | ૨૧૮૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૧૭૦ |
| રાય | ૧૩૫૦ | ૧૮૧૬ |
| મેથી | ૮૮૦ | ૧૬૫૦ |
| અશેરીયો | ૧૨૬૦ | ૧૨૬૦ |
| કલોંજી | ૩૭૫૦ | ૪૧૫૦ |
| રાયડો | ૧૨૫૦ | ૧૪૯૦ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૧૦૧૮૦ |
| ગુવારનું બી | ૧૦૯૦ | ૧૨૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૨૯ | ૩૯૧૧ |
| પપૈયા | ૧૯૨ | ૩૮૯ |
| બટેટા | ૯૨ | ૩૦૧ |
| ડુંગળી સુકી | ૩૫૫ | ૮૩૫ |
| ટમેટા | ૨૬૯ | ૪૭૯ |
| સુરણ | ૪૪૮ | ૫૯૧ |
| કોથમરી | ૨૮૨ | ૪૮૮ |
| મુળા | ૧૫૬ | ૩૨૧ |
| રીંગણા | ૨૦૧ | ૪૮૮ |
| કોબીજ | ૮૬ | ૧૭૨ |
| ફ્લાવર | ૨૨૪ | ૩૮૧ |
| ભીંડો | ૪૮૯ | ૮૭૮ |
| ગુવાર | ૫૧૬ | ૧૨૯૨ |
| ચોળાસીંગ | ૪૫૯ | ૧૦૧૨ |
| વાલોળ | ૩૭૬ | ૧૦૪૨ |
| ટીંડોળા | ૪૮૩ | ૯૭૧ |
| દુધી | ૧૪૩ | ૨૯૩ |
| કારેલા | ૨૯૪ | ૪૮૨ |
| સરગવો | ૬૬૨ | ૧૩૧૪ |
| તુરીયા | ૪૦૩ | ૮૧૨ |
| પરવર | ૩૩૧ | ૫૪૨ |
| કાકડી | ૩૯૨ | ૮૧૧ |
| ગાજર | ૩૨૧ | ૪૩૨ |
| વટાણા | ૧૭૭૬ | ૨૨૪૩ |
| તુવેરસીંગ | ૬૨૬ | ૮૩૩ |
| કંટોળા | ૧૭૨૭ | ૨૦૫૪ |
| ગલકા | ૩૩૪ | ૬૦૩ |
| બીટ | ૩૨૨ | ૫૮૩ |
| મેથી | ૮૦૩ | ૧૨૨૨ |
| વાલ | ૫૨૩ | ૮૪૯ |
| ડુંગળી લીલી | ૨૨૯ | ૫૨૫ |
| આદુ | ૧૪૨૮ | ૩૦૧૬ |
| મરચા લીલા | ૮૨ | ૪૨૧ |
| હળદર લીલી | ૧૦૨૩ | ૧૪૨૮ |
| લસણ લીલું | ૨૦૭૮ | ૨૬૮૨ |
| મગફળી લીલી | ૫૨૬ | ૭૯૨ |
| મકાઇ લીલી | ૧૬૨ | ૩૦૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૮૬૬ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૩૦ | ૮૦૨ |
| સિંગદાણા જાડા | ૧૬૫૦ | ૨૦૧૧ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૭૫૧ |
| એરંડા/એરંડી | ૧૦૫૧ | ૧૪૫૧ |
| જીરૂ | ૨૫૦૧ | ૪૨૦૧ |
| કલંજી | ૧૫૦૧ | ૪૧૭૧ |
| ધાણા | ૨૪૦૧ | ૨૯૭૧ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૯૫૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૦૧ |
| તુવેર | ૯૭૬ | ૧૮૦૧ |
| રાજગરો | ૧૩૦૧ | ૧૩૦૧ |
| રાયડો | ૧૪૨૧ | ૧૪૨૧ |
| રાય | ૧૬૭૧ | ૧૬૭૧ |
| મેથી | ૧૧૦૧ | ૧૬૨૬ |
| કાંગ | ૫૦૧ | ૭૮૧ |
| સફેદ ચણા | ૧૨૭૬ | ૨૧૫૧ |
| તલ - તલી | ૧૮૦૧ | ૨૪૭૧ |
| ધાણી | ૨૫૦૧ | ૩૧૦૦ |
| બાજરો | ૨૯૧ | ૪૦૧ |
| જુવાર | ૭૦૦ | ૧૫૮૧ |
| મકાઇ | ૪૦૦ | ૫૫૧ |
| મગ | ૮૦૦ | ૧૭૦૧ |
| ચણા | ૧૧૧૧ | ૧૩૯૬ |
| વાલ | ૯૦૧ | ૧૨૪૧ |
| ચોળા / ચોળી | ૮૦૧ | ૧૬૨૬ |
| સોયાબીન | ૧૧૧૧ | ૧૧૬૧ |
| ગોગળી | ૭૦૧ | ૧૩૩૧ |
| વટાણા | ૭૦૧ | ૮૧૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૧૦૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૪૦ | ૩૦૦ |
| દુધી | ૮૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦૦ | ૯૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૧૮૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૮૦૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૮૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૨૦૦ | ૨૬૦૦ |
| કેરી કાચી | ૩૦૦૦ | ૪૦૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૭૦ |
| ડુંગળી પુરા | ૧૦ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૨૦૦ | ૪૦૦ |
| કંટોલા | ૧૦૦૦ | ૧૫૦૦ |
| પરવર | ૬૦૦ | ૯૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૨૦૦ |
| મેથી પુરા | ૩ | ૧૮ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૫૦ | ૭૦ |
| ચોરા | ૧૮૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |
| વાલોર | ૧૮૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૭૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૩૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૦ |
| પાલક પુરા | ૪ | ૧૨ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૦૦ | ૧૪૨૫ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૧૮૪૦ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૬૬૦ |
| તલ કાળા | ૨૧૬૫ | ૩૪૯૫ |
| તલ કાશમીરી | ૨૪૨૫ | ૨૪૨૫ |
| બાજરો | ૩૫૦ | ૪૨૫ |
| જુવાર | ૪૫૦ | ૧૪૨૫ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૪૫ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૦ |
| મકાઈ | ૫૯૦ | ૫૯૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૭૯૦ |
| ચણા | ૧૦૯૦ | ૧૪૨૫ |
| ચણા દેશી | ૧૩૦૫ | ૧૩૫૦ |
| સફેદ ચણા | ૧૧૯૫ | ૧૩૧૦ |
| છોલે ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૨૭૦ | ૧૬૯૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| એરંડા | ૧૨૫૫ | ૧૪૬૫ |
| જીરુ | ૨૮૦૦ | ૩૮૬૦ |
| ધાણી | ૨૦૫૦ | ૨૯૧૦ |
| મેથી | ૧૩૪૦ | ૧૩૫૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૨૫ |
| સુવાદાણા | ૧૩૧૦ | ૧૩૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૨૦ | ૨૩૦ |
| રીંગણા | ૪૦૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૬૦ |
| શકકરીયા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ટમેટાં | ૫૪૦ | ૬૭૦ |
| સુરણ | ૯૩૦ | ૧૦૫૦ |
| ગાજર | ૪૮૦ | ૫૮૦ |
| દુધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૪૨૦ | ૪૭૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૧૧૦ | ૨૧૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૮૩૦ | ૯૩૦ |
| વટાણા | ૨૭૦૦ | ૨૮૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૭૩૦ | ૮૨૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| શીંગઓળા | ૭૨૦ | ૮૩૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૧૩૦૦ | ૧૪૦૦ |
| આદુ | ૧૨૫૦ | ૧૩૨૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફોદીનો | ૧૧૫૦ | ૧૩૫૦ |
| ટીંડોરા | ૬૫૦ | ૭૫૦ |
| બીટ | ૬૦૦ | ૭૦૦ |
| લીલી તુવેર | ૧૦૫૦ | ૧૧૮૦ |
| સરગવો | ૧૪૦૦ | ૧૫૫૦ |
| લીમડો મીઠો | ૧૫૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૩૫૦ | ૫૦૦ |
| મરચાં લાલ | ૪૦૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૫૩૦ |
| ડુંગળી સુકી | ૪૦૦ | ૮૬૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૩૦૦ |
| લસણ સુકું | ૨૦૫૦ | ૨૪૫૦ |
| ચીભડા | ૪૫૦ | ૭૮૦ |
| લીબુ | ૨૪૦૦ | ૩૦૦૦ |
| પાલક | ૫૩૦ | ૬૩૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૫૦ | ૧૫૧૬ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૬૯ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૩૬૦ |
| જીરૂ | ૩૮૩૭ | ૪૧૨૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૫ |
| બાજરો | ૪૧૧ | ૪૭૦ |
| જુવાર | ૮૦૦ | ૧૩૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૩૦૧ |
| દેશી ચણા | ---- | ૧૪૬૦ |
| તુવેર | ---- | ૧૭૦૦ |
| રાય/રાયડો | ---- | ૧૮૦૦ |
| ધાણા | ---- | ૩૩૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૯૦૦ |
| ઘઉં ટુકડા | ૫૯૫ | ૫૯૫ |
| બાજરો | ૩૪૦ | ૩૪૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૧૦૬૦ | ૧૦૬૦ |
| રાય | ૧૬૦૦ | ૧૬૦૦ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| રજકા બી | ૯૦૦૦ | ૯૦૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૫૧ | ૧૮૧૧ |
| ઘઉં લોકવન | ૫૨૮ | ૫૬૦ |
| ચણા | ૧૨૩૦ | ૧૨૩૦ |
| તુવેર | ૧૨૭૧ | ૧૩૦૦ |
| તલ | ૨૧૨૦ | ૨૧૨૦ |
| કાળા તલ | ૩૧૨૫ | ૩૧૨૫ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| અડદ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| બાજરો | ૩૯૦ | ૩૯૦ |
| કલોંજી | ૨૦૦૦ | ૩૧૬૦ |
| મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| **મહુવા** | | |
| શીંગ ટી.જે. | ૯૦૦ | ૧૩૪૦ |
| શીંગ ૬૬ | ૧૨૨૫ | ૧૫૩૨ |
| શીંગ ૩૯ | ૮૦૧ | ૧૪૯૫ |
| એરંડા | ૧૧૩૦ | ૧૩૫૦ |
| જુવાર | ૫૨૮ | ૧૩૫૦ |
| બાજરી | ૩૮૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૨૫ |
| મેથી | ૧૨૯૯ | ૧૨૯૯ |
| તલ સફેદ | ૧૬૫૧ | ૨૪૩૫ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૩૩૨ |
| લસણ | ૨૩૩૦ | ૨૩૩૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૮૨૬ |
| ડુંગળી સફેદ | ૧૮૫ | ૪૮૭ |
| કપાસ શંકર | ૯૧૫ | ૧૭૫૪ |
| નાળીયેર | ૩૧૫ | ૩૧૫૫ |
| **ખાંભા** | | |
| કપાસ A ગ્રેડ | ૧૬૮૧ | ૧૮૭૬ |
| કપાસ B ગ્રેડ | ૧૩૧૫ | ૧૬૭૫ |
| જુવાર સફેદ | ૧૧૩૬ | ૧૧૩૬ |
| ઘઉં | ૫૩૧ | ૫૩૧ |
| બાજરો | ૪૦૨ | ૪૦૨ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૫ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૨૦૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૭૨૨ |
| બાજરો | ૩૭૫ | ૫૦૨ |
| ઘઉં ટુકડા | ૪૪૪ | ૫૮૧ |
| જુવાર | ૬૭૫ | ૧૫૪૦ |
| મગ | ૧૨૦૦ | ૧૩૨૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| રાય | ૧૪૦૦ | ૧૬૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૧૦૦૦ | ૧૦૩૫ |
| બાજરી | ૩૮૫ | ૪૩૫ |
| ઘઉં | ૫૦૦ | ૫૬૭ |
| મગ | ૧૨૫૦ | ૧૪૮૦ |
| અડદ | ૧૪૦૦ | ૧૪૫૦ |
| ચણા | ૧૨૬૦ | ૧૩૮૪ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૧૬૩૫ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| તલી | ૧૭૩૦ | ૨૩૭૦ |
| તલ કાળા | ૨૪૦૦ | ૩૩૦૦ |
| લસણ | ૮૦૦ | ૧૯૦૦ |
| કપાસ | ૧૨૫૦ | ૧૮૯૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૩૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૮૨૫ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૩૦૦ | ૭૨૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૭૯૧ |
| ઘઉં | ૫૨૫ | ૫૭૫ |
| બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| જુવાર | ૬૧૧ | ૧૪૫૧ |
| મગ | ૧૦૧૧ | ૧૫૨૬ |
| ચણા | ૧૦૦૧ | ૧૩૪૬ |
| અડદ | ૮૦૦ | ૧૭૫૧ |
| તુવેર | ૯૦૧ | ૧૭૦૧ |
| મગફળી | ૬૯૬ | ૧૧૯૬ |
| એરંડા | ૧૩૦૧ | ૧૩૦૧ |
| તલ સફેદ | ૧૨૦૧ | ૨૨૯૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૦૦૦ |
| મેથી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| ધાણા | ૨૦૦૧ | ૨૬૯૬ |
| લસણ | ૧૬૧૧ | ૧૬૧૧ |
| સોયાબીન | ૯૦૧ | ૧૦૬૬ |
| **કોડીનાર** | | |
| મગફળી | ૧૧૭૫ | ૧૪૭૭ |
| બાજરી હાબ્રીડ | ૪૨૫ | ૪૮૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૯૭ |
| જુવાર | ૭૦૦ | ૧૩૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| ચણા | ૧૦૭૦ | ૧૩૭૦ |
| સફેદ તલ | ૧૮૫૦ | ૨૩૦૦ |
| કાળા તલ | ૨૦૫૦ | ૩૪૦૪ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૧૩ |
| ડાંગર | ૯૧૧ | ૧૧૧૧ |
| રજકો | ૬૫૦૦ | ૯૦૨૫ |


06
લાગે તો તીર :-દાંત કાઢવાની વાત હાંભળીને અભણ અમથાલાલને બોલવાનું મન થયું

# બેંકોની હડતાળ કેટલી યોગ્ય ?




ભારતમાં બેંકો હડતાળ પર છે. ભારતની જાહેર ક્ષેત્રની એટલે કે સરકારી બેંકોના કર્મચારીઓનાં યુનિયનોએ આપા એલાનને પગલે આજે એટલે કે બુધવારે પણ બેંકો બંધ છે. યુનિયનોએ ૨૮ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ત્રણ દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાળનું એલાન કરેલું તેથી આજે હડતાળનો છેલ્લો દિવસ છે.

આ હડતાળમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા, કેનરા બેંક સહિતની તમામ ટોચની સરકારી અને પ્રાદેશિક ગ્રામીણ બેંકો પણ જોડાઈ છે. હડતાળમાં દેશનાં ૭ મોટાં બેંક યુનિયનો જોડાયાં છે. આ બેંક યુનિયનો સાથે દેશની સરકારી બેંકોમા કામ કરતા ૯૦ ટકાથી વધુ બેંક કર્મચારીઓ જોડાયેલા છે. એચડીએફસી, આઈસીઆઈસીઆઈ એક્સિસ બેંક જેવી ખાનગી બેંકો અને કેટલીક સહકારી બેંકો હડતાળમાં જોડાઈ નથી અને રાબેતા મુજબ કામ કરી રહી છે પણ ક્લીયરન્સનું કામ સરકારી બેંકો હસ્તક હોવાથી મોટા ભાગનું બેકિંગ કામકાજ ઠપ્પ છે.

ગ્રાહકોને અસર ના થાય એટલા માટે હડતાળ શરૂ થવાના આગલા દિવસે એટલે કે ૨૭ સપ્ટેમ્બર ને રવિવારે સરકારી બેંકોની શાખાઓ ખુલ્લી રખાયેલી. આ ઉપરાંત યુપીઆઈ, મોબાઈલ બેંકિંગ, ઈન્ટરનેટ બેંકિંગ સહિતની ડિજિટલલ સેવાઓ ચાલુ છે ને એટીએમ પણ ચાલુ છે તેથી સામાન્ય લોકોને બહુ અસર થઈ નથી પણ ઉદ્યોગો, વ્યાપાર-ધંધાને અસર થઈ છે કેમ કે તેમના મોટા ભાગના નાણાંકીય વ્યવહારો હજુય બેંકો મારફતે જ ચાલે છે.

■■■

હડતાળિયા કર્મચારીઓની માગ શું છે ?

બેંક કર્મચારીઓની હડતાળનું મુખ્ય કારણ કર્મચારીઓની પડતર માગણીઓ ઉકેલવામાં સરકારની કહેવાતી ઉદાસિનતા છે. આ માગણીઓમાં મુખ્ય માંગ ફાઈવ ડે બેન્કિંગ વીક એટલે કે બેંકો અઠવાડિયામાં ૫ જ દિવસ ચાલુ રાખવાની છે. બેંક કર્મચારીઓના સંગઠન ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કન્ફેડરેશન (AIBOC)નું કહેવું છે કે માર્ચ ૨૦૨૪માં બેંકોનું મેનેજમેન્ટ સંભાળતી સંસ્થા ઈન્ડિયન બેંક એસોસિએશન (IBA) અને ૯ મોટી બેંક યુનિયનોના ગ્રુપ (UFBU) વચ્ચે પગાર અને કામની શરતોને લઈને કરાર થયો તેમાં દર શનિવારે બેંક બંધ રાખીને ફાઈવ ડે વીક રાખવાની સમજૂતી થઈ હતી પણ સરકાર હવે ફરી ગઈ છે. હવે સરકાર અઠવાડિયામાં ૫ દિવસ કામ કરવાની વ્યવસ્થા લાગુ કરવાની કોઈ ચોક્કસ તારીખ લેખિતમાં વચન આપીને નક્કી ન કરે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે ને ભવિષ્યમાં અચોક્કસ મુદતની હડતાળ પણ પડી શકે એવું યુનિયનોનું કહેવું છે.

બીજી તરફ સરકારનું કહેવું છે કે, સરકારે ક્યારેય પણ બેંકો માટે ફાઈવ ડે વીકનું વચન આપ્યું નહોતું અને પગાર સુધારણા માટેની વાતચીત દરમિયાન આ મુદ્દે કોઈ ચર્ચા થઈ નહોતી. કર્મચારી યુનિયનો આ માંગ લાંબા સમયથી કરી રહ્યા છે પણ સરકાર સાથે કોઈ સમજૂતી થઈ નથી.

બીજી મહત્વની માગ, સરકારી બેંકોના કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના ફરી શરૂ કરવાની છે. જૂની પેન્શન યોજનાના કારણે સરકાર પર આર્થિક બોજ વધે છે તેથી સરકાર આ માગ પણ માનવા તૈયાર નથી. કેન્દ્ર સરકારે બોનસને લગતા નવા નિયમો બનાવ્યા તેની સામે પણ વાંધો છે. સરકારે બેંકોના વરિષ્ઠ અધિકારીઓને બોનસ આપવા માટે પરફોર્મન્સ લિંક્ડ બોનસનો નવો નિયમ લાગુ કર્યો છે. આ નિયમ હેઠળ સારું કામ કરનારા અધિકારીઓને ૩૬૫ દિવસના મૂળ પગાર જેટલું ઈન્સેન્ટિવ કે બોનસ મળી શકે છે જ્યારે સારું પરફોર્મન્સ નહીં કરનારને કોઈ બોનસ નહીં મળે. સરકાર આ નિયમ દ્વારા કર્મચારીઓમાં ભેદભાવ કરી રહી હોવાના આક્ષેપો સાથે બેંક યુનિયનો તેનો પણ વિરોધ કરી રહ્યાં છે.


**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

આ સિવાય બીજી પણ કેટલીક માગણીઓ છે. યુનિયનોનું કહેવું છે કે, સરકારી બેંકોમાં સ્ટાફની તીવ્ર અછત હોવાથી કારકુની અને ગૌણ કર્મચારીઓની ભરતી કરવી જોઈએ પણ સરકાર ભરતી કરી નથી રહી. તેના બદલે આઉટસોર્સિંગ કરીને કે કોન્ટ્રાક્ટ પર કર્મચારીઓને રાખીને કામ ચલાવે છે. નોકરીના આઉટસોર્સિંગને રોકીને કામચલાઉ/કરાર કર્મચારીઓને નિયમિત કરવા અને ભેદભાવપૂર્ણ શ્રમ પ્રથાઓને દૂર કરવાની પણ માગ છે. આ સિવાય આર્ટિફિશિયલ ઈન્ટેલલિજન્સ (AI) અને અતિશય ટેકનોલોજીનો પણ વિરોધ થઈ રહ્યો છે. વધુ પડતા ઓટોમેશનના આક્રમક અમલીકરણને કારણે ભારત જેવા વધુ વસ્તીવાળા દેશમાં ગ્રાહક સેવા અને રોજગારને નુકસાન થાય છે એવી યુનિયનોની લાગણી છે. બેંક કર્મચારીઓ માટે ગ્રેચ્યુઈટી મર્યાદા વધારીને ૨૫ લાખ રૂપિયા કરવી અને લાંબા સમયથી પડતર પેન્શનના પ્રશ્નોને ઉકેલલવાની પણ માગ થઈ રહી છે.

કેન્દ્ર સરકાર અને યુનિયનો વચ્ચે લાંબા સમયથી આ માગો અંગે ખેચતાણ ચાલતી હતી પણ સરકાર મચક નહોતી આપતી. યુનિયનોએ છેવટે હડતાળનું શસ્ત્ર ઉગામ્યું પણ સરકાર તેનાથી પ્રભાવિત થઈ નથી એ જોતાં આ માગણીએ સ્વીકારવામાં આવે એવી શક્યતા નહિવત છે.

■■■

કર્મચારીઓની માંગો યોગ્ય છે ?

ભારતમાં સામાન્ય લોકોની લાગણી બેંક કર્મચારીઓ તરફી નથી. સામાન્ય લોકોને લાગે છે કે, સરકારી બેંકોમાં કામ કરનારા કર્મચારીઓ અને અધિકારીઓ કામચોર છે અને મફતનો પગાર ખાવાની માનસિકતા ધરાવે છે તેથી તેમની માગણીઓ ના સ્વીકારવી જોઈએ. બેંક હડતાળ સામે સોશિયલ મીડિયા પર સામાન્ય લોકોએ આપેલા પ્રતિસાદમાં એક જ સૂર ઉઠે છે કે, સરકારી બેકોમાં સારું કામ થતું નથી તેથી લોકો ખાનગી બેંકો તરફ વળી રહ્યા છે છતાં સરકારી બેંકોના કર્મચારીઓ સુધરવા માટે તૈયાર નથી.

સરકારનું નાક દબાવવા માટે હડતાળનાં ત્રાગાં કરી રહેલા કર્મચારીઓને ઘરભેગા કરી દેવા જોઈએ એવી કોમેન્ટ્સ પણ થઈ રહી છે. સરકારી બેંકોમાં મહિનાના બીજા અને ચોથા શનિવારે રજા હોય છે એ પણ બંધ કરીને અઠવાડિયામાં છ દિવસ કામ કરાવવું જોઈએ એવી પણ લોકોની લાગણી છે.

આ લાગણી ખોટી પણ નથી કેમ કે સામાન્ય લોકોને સરકારી બેંકોના અનુભવ બહુ સારા થતા નથી. સરકારી બેંકોમાં કર્મચારીઓ એકદમ ધીમી ગતિએ કામ કરે છે એ સાવ સાચી વાત છે. લોન મંજૂર કરવા જેવી લાંબી પ્રક્રિયા હોય કે બેંકમાંથી રોકડ ઉપાડવા જેવી મિનિટોમાં પતે એવાં કામ હોય, ખાનગી બેંકની સરખામણીમાં સરકારી બેંકોનાં કામ બહુ ધીમાં હોય છે તેથી ભારતમાં મોટા પ્રમાણમાં લોકો ખાનગી બેંકો તરફ વળી રહ્યા છે. એક સમયે ભારતમાં ખાનગી બેંકો જ નહોતી ને આખો બેન્કિંગ બિઝનેસ સરકારી બેંકોને હસ્તક હતો, અત્યારે લોનમાં ૪૦ ટકા અને બીજી કામગીરીમાં ૫૦ ટકાથી વધુ બિઝનેસ ખાનગી બેંકો પાસે છે.

સરકારી બેંકોમાં કૌભાંડો પણ વધારે થાય છે. હર્ષદ મહેતાથી શરૂ કરીને વિજય માલયા સુધીના કરૂબાજોના કિસ્સા તપાસશો તો ખબર પડશે કે, મોટા ભાગનાં બેંક કૌભાંડ સરકારી બેંકોમાં જ થાય છે. બેંક યુનિયનો આ કૌભાંડી અધિકારીઓ સામે પગલાં લેવાના મુદ્દે ચૂપ રહે છે પણ પગાર વધારાની માગણી માટે તલવાર તાણીને ઉભાં રહી જાય છે એ લોકોને પસંદ નથી આવી રહ્યું.

■■■

સરકારી બેંકો ખતમ થઈ જશે ?

ભારતમાં સરકારી બેંકો ધીરે ધીરે ઘટી રહી છે અને મોદી સરકારે તો દેશમાં માત્ર ૪ સરકારી બેંકો જ રાખવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. મોદી વડાપ્રધાન બન્યા એ પહેલાં દેશમાં ૨૦થી વધારે સરકારી બેંકો હતી પણ અત્યારે માત્ર ૧૨ જ સરકારી બેંકો છે. છેલ્લા એક દાયકામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં જ ૯ બેંકોનું વિલિનીકરણ કરી દેવાયું છે. દેના બેંક અને વિજયા બેંક જેવી વરસોથી ચાલતી દસેક બેંકોનું પણ વિલિનીકરણ કરીને સરકારી બેંકોની સંખ્યા ઘટાડી દેવાઈ છે.

કેન્દ્ર સરકાર નાણાકીય વર્ષ ૨૦૨૭-૨૮ સુધીમાં ભારતમાં જાહેર ક્ષેત્રની બેંકોની સંખ્યા ૧૨થી ઘટાડીને માત્ર ૪ કરી દેશે એવા અહેવાલ છે. નાની અને મધ્યમ કદની સરકારી બેંકોને ચાર મોટા બેંકિંગ જૂથોમાં વિલીન કરીને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ બરોડા અને યુનિયન બેંક કે કેનરા બેંક એમ ૪ જ બેંકો રખાશે એવું કહેવાય છે.

અમેરિકા સહિતના દેશોમાં સરકારી નહીં પણ ખાનગી બેંકોનો દબદબો છે. ચીન સામ્યવાદી દેશ હોવાથી ત્યાં સરકારી બેંકનો પ્રભાવ છે પણ ફ્રાન્સ, યુકે, જાપાન, દક્ષિણ કોરીયા સહિતના દેશોમાં નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે સરળતાથી લોન મળી રહે એ માટે જ સરકારી બેંકો ચલાવાય છે, બાકીનું બધું કામકાજ ખાનગી બેંકો મારફતે જ થાય છે.

સરકારી બેંકોના કર્મચારીઓનું વલણ જોતાં ભારતમાં પણ એ દિવસો દૂર નથી દેખાતા. ■ sanjogpurti@gmail.com

# ખેતરના શેઢેથી સીધા ન્યૂયોર્કના ખિસ્સા પર સ્ટ્રાઈક



આ દુનિયામાં કુદરતનો ન્યાય ખરેખર અપરંપાર છે, પણ આપણા જમાનાની ટેલિકોમ કંપનીઓનો ન્યાય એનાથીયે બે ડગલાં આગળ છે! કંપનીઓ આપણી આર્થિક સ્થિતિ આપણી કરતાં વધુ સારી રીતે સમજે છે. એમને પાકી ખબર છે કે જે માણસ સવાર-સવારમાં દેશી લોટો લઈને ખેતરના શેઢે બેઠો હોય કે બપોરે ઝાડવા હેઠે ઢેફાં ભાંગતો હોય, એની પાસેથી વધારાના ચાર આનાય પડાવી શકાય એમ નથી. એટલે જ એવા ડાઉન-ટુ-અર્થ લોકો માટે કંપનીઓએ 'અનલિમિટેડ પ્રીપેડ' નામનું જીવદયા અસ્ત્ર બજારમાં મૂક્યું છે. બીજી બાજુ, જેમના પગ ભોંય પર નથી ટકતા અને જેઓ સીધા સાત સમંદર પાર ઊડી જાય છે, કંપનીઓ એમના માટે 'રોમિંગ' નામનું એવું મુંડામણ યંત્ર ગોઠવીને બેઠી છે કે વિદેશ જતાં જ એમનું લક્ષ્મી તત્વ સેકન્ડોના હિસાબે ગાયબ થવા માંડે છે! આ જ્ઞાન અમને ગઈકાલે જ લાધ્યું જ્યારે અમે અમારા એક મિત્રને નવા રતનપરથી અચાનક ફોન જોડ્યો.

બન્યું એવું કે એ મિત્ર આમ તો લોકલ છે, પણ જ્યારથી વિદેશ ગયો છે ત્યારથી એના સોશિયલ મીડિયા પર એફિલ ટાવર અને લંડન બ્રિજવાળા સ્ટેટસનો પૂર આવ્યો છે. ફોન લાગતા જ એણે ઉતાવળા અવાજે કહ્યું, 'ભાઈ, હું અત્યારે વિદેશમાં છું અને અહીં ઈનકમિંગ રોમિંગ ચાર્જ બહુ લાગે છે, એટલે વાત ટૂંકાવી દેજે!' અમે તો એક જ મિનિટમાં ફોન મૂકી દીધો કારણ કે એ માણસ ડાઉન-ટુ-અર્થ અને વ્યવહારુ હતો, એણે સાચેસાચી પરિસ્થિતિ કહી દીધી. પણ આ ઘટનાએ અમારા મગજમાં રહેલા વેદાંતિક વાયર શોર્ટ-સર્કિટ કરી નાખ્યા. અમને સમજાયું કે જે લોકો ખરેખર હવાબાજ છે, જેઓ વિદેશ જઈને હવામાં ઉડતા હોય છે અને પરાણે વટ પાડતા હોય છે, એવા લોકો પોતાના ખિસ્સામાંથી લક્ષ્મીજી ધોવાઈ રહ્યા હોવાની કબૂલાત ક્યારેય જીવતેજીવ નહીં કરે! બસ, ત્યારથી અમને એવા અહંકારીઓ પર 'સૂક્ષ્મ દંડ' ફટકારવાનો એક બ્રહ્માસ્ત્ર જેવો આઈડિયા આવી ગયો.


**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

ધારો કે તમારી સોસાયટીનો કોઈ ભાઈ કે ઓફિસનો કોઈ બોસ જે રોજેરોજ તમને નાની-નાની વાતોમાં નીચો દેખાડતો હોય, એ અચાનક અમેરિકા કે યુરોપના પ્રવાસે જાય. એ ત્યાં જઈને એરપોર્ટ પરથી 'ફીલિંગ એક્સાઈટેડ' નું સ્ટેટસ મૂકે એટલે સમજી જવાનું કે શિકાર જાળામાં ફસાઈ ગયો છે. હવે આપણે કશું જ કરવાનું નથી. બપોરે નિરાંતે ખેતરમાં ખાટલો ઢાળીને બેસવાનું અને આપણા મફતિયા 'અનલિમિટેડ' પ્લાનમાંથી એના વીઆઈપી નંબર પર ઘંટડી દબાવવાની. આપણો તો લોકલ કોલ જ ગણાશે, એટલે આપણું બેલેન્સ તો ટસનું મસ નહીં થાય, પણ ત્યાં વિદેશના નેટવર્કમાં જેવો એ ફોન ઉપાડશે કે તરત એના ખાતામાંથી પ્રતિ મિનિટ સો-સો રૂપિયાની આહુતિ આપવાનું કોસ્મિક યજ્ઞ શરૂ થઈ જશે!

ફોન ઉપડતા જ પેલો વટમાં અંગ્રેજી મિક્સ ગુજરાતીમાં કહેશે, 'યા બ્રો, આઈ એમ ઈન ન્યૂયોર્ક રાઈટ નાઉ!' આપણે અહીંથી એકદમ દેશી લહેકામાં વાત શરૂ કરવાની, 'હા ભાઈ, ન્યૂયોર્ક તો ઠીક, પણ તને ખબર છે? ગઈકાલે આપણા ગામના સરપંચના કૂતરાએ ચાર ગલુડિયાં આપ્યા છે! ચારેયના કલર મસ્ત છે, તું વિદેશ ગયો એટલે તને આ અગત્યના સમાચાર આપવા ફોન કર્યો!' પેલા ભાઈના કાનમાં એક બાજુ ગલુડિયાંની વાતો સંભળાતી હશે અને બીજી બાજુ એના મગજમાં મીટર ફરતું હશે કે 'લે બેટા, બસ્સો રૂપિયા ગયા!' છતાં એ વટનો માર્યો એમ નહીં કહી શકે કે 'ભાઈ ફોન મૂક, મારું દેવાળું નીકળી જશે.' એ હવામાં ઉડવા માટે ગર્વથી કહેશે, 'ઓહ નાઈસ, વેરી ગુડ ન્યૂઝ!' અને આપણે વાતને હજુ લંબાવવાની, 'અરે ઊભો રહે ભાઈ, હજી તો મેં તને મોટા સમાચાર આપ્યા જ નથી! પેલો કાનો નથી? એની ભેંસ કાલે આખો દિવસ કૂવામાં પડી રહી'તી, માંડ માંડ જેસીબી લાવીને બહાર કાઢી!' હવે પેલાના હૃદયના ધબકારા વધી ગયા હશે, પણ એનું અહંકાર એને ફોન કાપવા નહીં દે. આને જ વેદાંતમાં 'માયાનું બંધન' અને આપણી ભાષામાં 'ઈન્ટરનેશનલ મુંડામણ' કહેવાય છે.

આ આધ્યાત્મિક સર્જિકલ સ્ટ્રાઈકની મજા જ એ છે કે સામેવાળાને લોહી નીકળ્યા વગર અંદરખાને પરસેવો છૂટી જાય છે. જે લોકો ભારતમાં હોય ત્યારે આપણી ચાની કિટલી પર ઉધાર પીતા હોય અને વિદેશ જઈને આપણને ઓળખવાનો નનૈયો ભણતા હોય, એમના અહંકારને ઓગાળવા માટે લાકડી ઉપાડવાની કે ઝઘડો કરવાની કોઈ જ જરૂર નથી. બસ, એ જ્યારે એફિલ ટાવર નીચે ઊભા રહીને લાઈવ વીડિયો કરતા હોય ત્યારે આપણે અહીંથી વોઈસ કોલ જોડીને અડધો કલાક સુખ-દુ:ખની વાતો માંડવાની. આપણે તો ફક્ત વાતો જ ચોડવાની છે, પણ પેલો લંડનના ઠંડા પવનમાં પણ ખિસ્સું ખાલી થવાના ડરે ધ્રૂજવા માંડશે. એનું અંદરનું લક્ષ્મી તત્વ જેમ-જેમ ગાયબ થશે, તેમ-તેમ એ હવામાંથી સીધો જમીન પર આવવા મજબૂર થઈ જશે.

માટે, હે ભારતભૂમિના અનલિમિટેડ પ્રીપેડ ગ્રાહકો! જ્યારે પણ કોઈ હવાબાજ વિદેશ જઈને ફાંકા-ફોજદારી કરે, ત્યારે એનાથી અંજાઈ જવાની જરૂર નથી. આપણી પાસે જે ક્રેડિટ છે એ આપણી અખંડ શાંતિ છે અને એમના જે ચાર્જિસ છે એ એમની અશાંતિ છે. કુદરતે અમીરો પાસે પૈસા રાખ્યા હશે, પણ ટેલિકોમ કંપનીઓએ આપણને 'મફત વાત કરવાનો સોર્સ કોડ' આપ્યો છે. ખેતરમાં બેસીને ઢેફાં ભાંગતા ભાંગતા વિદેશમાં રોમિંગનું બિલ ફાડવાની આ ટેકનિકલ લીલા ભલભલા જ્ઞાનીઓને પણ આશ્ચર્યમાં મૂકી દે તેવી છે. હવેથી કોઈ વટ મારે તો સીધો એનો રોમિંગનો દંડ નક્કી કરો અને મનમાં બોલો— અહં બ્રહ્માસ્મિ, તારું બિલ તો ફાટવાનું જ છે! naranbaraiya277@gmail.com

# ગણેશ વિસર્જન કે સર્જન...



૧૪મી સપ્ટેમ્બરના રોજ ગણેશ ચતુર્થીનો પર્વ શરૂ થયો. દસ દિવસ સુધી ગણેશજીના સ્થાપનથી માંડીને વિસર્જન સુધીની પ્રક્રિયા થતી હોય છે.શિવ અને પાર્વતીના પુત્ર ગણેશ ભગવાન દ્વારા આધ્યાત્મિક અને શુભ કાર્યો તેમના સ્મરણ સાથે માંગલિક પ્રસંગો શરૂ થતા હોય છે. ગણેશ સ્થાપનથી ઘરની અંદર આધ્યાત્મિકતાની સાથે વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવવો જોઈએ.

૧૮૯૩ માં મહારાષ્ટ્રની અંદર બાળ ગંગાધર ટિળકે અંગ્રેજો સન્મુખ ભારતીયને એક કરવા માટે ગણેશપર્વની શરૂઆત કરી હતી. આધ્યાત્મિકતાના પ્રસંગે ભારતીય લોકોને એકત્ર કરી તેમની અંદર રાષ્ટ્રવાદની ભાવના તેમજ દેશને આઝાદ કરવાની જીજીવિષા ઉભી થાય તે ઉદ્દેશને ચરિતાર્થ કરવા માટે ગણેશ ઉત્સવની શરૂઆત મહારાષ્ટ્ર રાજ્યના મુંબઈ શહેરમાં થઈ હતી. ટિળકે કહ્યું હતું કે ×સ્વરાજ્ય મારો જન્મ સિધ્ધ અધિકાર છે તે હું મેળવીને જ રહીશ.× શિવાજીએ સ્વરાજ્ય માટે મુઘલો સામે લડત ચલાવી હતી. દેશમાં પોતાનું જ રાજ્ય હોવું જોઈએ. તેથી વિદેશી શાસનને ઉથલાવવા માટે એકતા અનિવાર્ય છે. એકત્ર થયેલા મહારાષ્ટ્રના લોકોમાં રાષ્ટ્રવાદ પ્રબળ બનાવવા માટે આધ્યાત્મિકતાની સાથે રાષ્ટ્રવાદનો પાયો ટિળકે નાખ્યો.


**સામાજિક અને શૈક્ષણિક**
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

એક વખત પર્વ શરૂ થવાથી દર વર્ષે તેની પરંપરા મુજબ ગણેશ ઉત્સવ ૧૮૯૩થી શરૂ કરીને આજ સુધી ભારતમાં વિવિધ રાજ્યોમાં સારી રીતે ઉજવાઈ રહ્યો છે. માનવ શરીરમાં જીવ અને શિવ બંને છે ત્યારે જ ઈશ્વરનો વાસ્તવિક હેતુ સમજી શકાય છે.કુદરત સર્વોપરી છે.તેની લીલા અપરંમપાર છે.સૃષ્ટિના સર્જનહાર બ્રહ્મા છે.ગણેશ ભગવાનમાંથી એટલું તો આપણે શીખીએ કે મા બાપ ભગવાન છે. તેમને તેમની પ્રદક્ષિણા કરી અને સમાજને મેસેજ આપ્યો કે માં બાપ ભગવાન છે.

કવિ કાલિદાસે કહ્યું છે કે મનુષ્ય ઉત્સવ પ્રિય છે. પરંતુ ઉત્સવોમાં અતિરેક આવી જાય ત્યારે તેનું મૂલ્ય ઘટે છે. જેને સર્જન કર્યું છે એનું વિસર્જન હોય?ગણેશજીની પ્રતિમા તમે ઘરે લાવીને દસ દિવસ સુધી પૂજા, અર્ચના, થાળ, દીવા, આરતી અને પ્રસાદ બધું જ કરીએ છીએ. આખો બંધ રાખી ગણેશજીને કહીએ છીએ કે તું વિઘ્નહર્તા છે. આખી પૃથ્વીનું કલ્યાણ કરજો એ જ વિઘ્નહર્તાને આપણે નદીના પાણીમાં ડુબાડીને શું સિધ્ધ કરવા માગીએ છીએ? તે જ સમજાતું નથી. મારા ઘરમાં પણ ગણેશ સ્થાપન કરેલું તાબાની મૂર્તિ અને તેની ૩૬૫ દિવસ પુજા, અર્ચના થાય છે. ગણેશજી તો અત્ર, તત્ર અને સર્વત્ર છે. તેની પ્લાસ્ટર ઓફ પેરિસની કેમિકલ યુક્ત મુર્તિઓ બનાવીને પાણીમાં રહેલા અનેક જીવોને મૃતપ્રાય અવસ્થા સુધી પહોંચાડવાનું કામ કરવું કે કેટલા અંશે યોગ્ય છે? ગણેશજીની વિશાળ મૂર્તિઓનું સ્થાપન કરવું અને પછી તેનું વિસર્જન કરવું એટલે કે પર્યાવરણનો બગાડ કરવો. આપણામાં તો અહિંસાનો ભાવ હોવો જોઈએને? માટીની મૂર્તિ હોય તેને ઘરે રાખીએ તેની દરરોજ પૂજા કરીએ, શાસ્ત્રોચાર પ્રમાણે શ્લોક બોલીએ પરંતુ આ બધું કરવા છતાં પણ અંદરનો પડેલો દાનવ જીવંત હશે તો ગણેશજીના આશીર્વાદ પ્રાપ્ત થશે નહીં. માનવને માનવ બનવાની કેળવણી ગણેશજીના વ્યક્તિત્વ માંથી પ્રાપ્ત થશે. દુદાળા ગણેશ દુનિયાના દુઃખ પોતાના પેટમાં ભરી લે છે એટલે વિઘ્નહર્તા કહે છે. આપણે તો ગણેશજીની પૂજા કરીએ અને અડધો કલાક પછી કોકનું કરી નાખીએ એવી પૂજાનો કોઈ અર્થ ખરો? ગણેશજીના વિસર્જન વખતે ટ્રાફિક નિયમન, કોઈક બીમાર વ્યક્તિ દવાખાને સમયસર ન પહોંચે તેવી અવ્યવસ્થા આ બધું આધ્યાત્મિકતાના સાથે વ્યવહારુ બુધ્ધિ અનિવાર્ય છે. કોઈકને નડવું અથવા અડચણરૂપ બનવું એ જ મોટું પાપ છે.

ઘર કે મહેલ બનાવીએ છીએ તો ગણેશજીના સ્થાપનથી શુભ કાર્યો શરૂ કરીએ છીએ. તો શા માટે દુકાનમાં કે શોરૂમમાં આપણે ખરાબ ચીજવસ્તુ ભેળસેળવાળી તેમજ અન્ય નુકસાનકારક ચીજવસ્તુ વેચીને ગણેશના નામે પાપ કરી રહ્યા છે.? આધ્યાત્મિકતાના નામે એટલો બધો વ્યભિચાર થઈ રહ્યો છે જેની કોઈ સીમા નથી. ગણપતિ વિસર્જન હોય જ નહીં જે આખી સૃષ્ટિનું સર્જન કરી શકતા હોય તેને તમે પાણીમાં ડબોડી દો તમારું ક્યારેય કલ્યાણ કરશે? તેમને તો હૃદયમાં રાખો અને પૂજા શરૂ કરો પછી જુઓ તમારી કેટલી બધી પ્રગતિ થાય છે. સૌ મારા વાચક મિત્રોને ગણેશ ચતુર્થીની શુભકામનાઓ. થાય એટલા માનવતાના શુભ કાર્યો કરવા કટિબધ્ધ બનીએ. એજ ગણેશ ચતુર્થી છે. ગણેશ વિસર્જન... ગણપતિ બાપાને હૃદયમાં રાખી એ જ વિસર્જન.. ■ Mo.9825702282

# ચિંતા અને ઊંઘની સમસ્યા : મનની ભાષા સમજતી હોમિયોપેથી



"શરીર થાકેલું છે, આંખો ઊંઘવા માંગે છે, પરંતુ મન સતત કંઈક વિચારતું રહે છે."

આજની ઝડપી જીવનશૈલીમાં આ અનુભવ અનેક લોકો માટે સામાન્ય બની ગયો છે. કામનું દબાણ, સતત વિચારવાની ટેવ, પરિવારની જવાબદારીઓ, ભવિષ્યની ચિંતા અને બદલાતી જીવનશૈલીના કારણે ચિંતા તથા ઊંઘની સમસ્યાઓ વધી રહી છે. ઘણી વખત વ્યક્તિને લાગે છે કે "મને ઊંઘ જ નથી આવતી", પરંતુ તેની પાછળનું મૂળ કારણ માત્ર ઊંઘ નહીં, મનની અશાંતિ પણ હોઈ શકે છે.

ચિંતા કેવી રીતે ઓળખવી?

ચિંતા માત્ર મનમાં થતી લાગણી નથી. તેની અસર સમગ્ર શરીર પર થઈ શકે છે. વારંવાર નકારાત્મક વિચારો આવવા, નાની વાતમાં પણ વધારે ચિંતા થવી, બેચેની, હૃદયના ધબકારા વધવા, થાક, ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી અને ઊંઘમાં ખલેલ જેવા લક્ષણો જોવા મળી શકે છે.

કેટલાક લોકો દિવસ દરમિયાન સામાન્ય દેખાય છે, પરંતુ રાત્રે પથારીમાં પડ્યા પછી વિચારોનું વાવાઝોડું શરૂ થાય છે. "કાલે શું થશે?", "આ કામ પૂરું થશે કે નહીં?", "કોઈ ખરાબ ઘટના તો નહી બને?" જેવા વિચારો ઊંઘને દૂર કરી શકે છે.

ઊંઘની સમસ્યા માત્ર **Sleeping Problem** નથી



હોમિયોપેથીક
ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા :
ડો. નંદિની જોટાંગિયા

સારી ઊંઘ શરીર અને મન બંને માટે જરૂરી છે. સતત ઊંઘની કમીથી દિવસ દરમિયાન થાક, ચીડિયાપણું, એકાગ્રતામાં ઘટાડો અને કાર્યક્ષમતામાં અસર થઈ શકે છે.

અહીં એક મહત્વની વાત સમજવી જરૂરી છે. દરેક વ્યક્તિની ઊંઘની સમસ્યાનું કારણ એકસરખું હોતું નથી. કોઈ વ્યક્તિ ચિંતાને કારણે ઊંઘી શકતી નથી, તો કોઈ વ્યક્તિ ભાવનાત્મક આઘાત, ભય, અતિશય વિચાર અથવા લાંબા સમયથી ચાલતા માનસિક તણાવને કારણે ઊંઘ ગુમાવી શકે છે.

અહીં હોમિયોપેથીક અભિગમ શું કહે છે?

હોમિયોપેથીમાં માત્ર "ઊંઘ નથી આવતી" એટલું જોઈને સારવાર કરવાનો અભિગમ નથી. દર્દીના વ્યક્તિત્વ, માનસિક સ્થિતિ, ભાવનાઓ, ઊંઘની પેટર્ન, વિચારોની પ્રકૃતિ, ડર, ચિંતા, જીવનશૈલી અને શારીરિક લક્ષણોને એકસાથે સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

એટલે જ બે વ્યક્તિઓને એકસરખી ઊંઘની ફરિયાદ હોવા છતાં તેમની હોમિયોપેથીક સારવાર અલગ હોઈ શકે છે.

ઉદાહરણ તરીકે, કોઈ વ્યક્તિને સતત વિચારવાના કારણે ઊંઘ ન આવે, કોઈને અચાનક ડર કે ગભરાટ પછી ઊંઘમાં તકલીફ થાય, જ્યારે કોઈ વ્યક્તિ ભાવનાત્મક દુઃખ અથવા માનસિક તણાવ પછી ઊંઘ ગુમાવે. હોમિયોપેથીક કેસ-ટેકિંગમાં આવી સૂક્ષ્મ બાબતોને મહત્વ આપવામાં આવે છે.

હોમિયોપેથીનો મુખ્ય વિચાર માત્ર લક્ષણને દબાવવાનો નહીં, પરંતુ વ્યક્તિને સમગ્ર રીતે સમજવાનો છે.

વ્યક્તિગત સારવાર—હોમિયોપેથીની વિશેષતા

હોમિયોપેથીમાં વ્યક્તિના "રોગ" કરતાં વ્યક્તિના રોગ સાથેના અનુભવને મહત્વ આપવામાં આવે છે. દર્દી પોતાની સમસ્યા કેવી રીતે અનુભવે છે, તેની માનસિક અને શારીરિક પ્રતિક્રિયા કેવી છે અને કયા પરિબળોથી તેની તકલીફ વધે કે ઘટે છે. આ બાબતો સારવાર માટે મહત્વપૂર્ણ બને છે.

આ વ્યક્તિગત અભિગમને કારણે હોમિયોપેથીમાં એક જ સમસ્યા માટે દરેક વ્યક્તિને એક જ દવા આપવાની પધ્ધતિને બદલે **individualized treatment** પર ભાર મૂકવામાં આવે છે.

દવા સાથે જીવનશૈલી પણ મહત્વપૂર્ણ

હોમિયોપેથીક સારવાર સાથે નિયમિત ઊંઘનો સમય, રાત્રે મોબાઈલ અને સ્ક્રીનનો ઉપયોગ ઓછો કરવો, કેફીનનું પ્રમાણ નિયંત્રિત કરવું, નિયમિત કસરત, ધ્યાન અથવા શ્વાસની કસરત અને દિવસ દરમિયાન પૂરતો આરામ રાખવો પણ ઉપયોગી બની શકે છે.

જો ચિંતા ખૂબ વધારે હોય, લાંબા સમય સુધી ઊંઘ ન આવતી હોય અથવા રોજિંદા જીવન પર ગંભીર અસર થતી હોય, તો યોગ્ય તબીબી મૂલ્યાંકન કરાવવું જરૂરી છે.

અંતમાં

સારી ઊંઘ માત્ર શરીરને આરામ આપતી નથી; તે મનને પણ વિરામ આપે છે.

ચિંતા અને ઊંઘની સમસ્યાને "આ તો બધાને થાય છે" કહીને અવગણવી નહીં. શરીર જેમ પોતાની તકલીફના સંકેત આપે છે, તેમ મન પણ પોતાની ભાષામાં સંકેતો આપે છે.

હોમિયોપેથી આ સંકેતોને સમજવાનો અને વ્યક્તિને તેના સમગ્ર સ્વરૂપમાં જોવાનો એક વ્યક્તિગત અભિગમ રજૂ કરે છે.

મન શાંત હોય તો ઊંઘ સહજ બને છે, અને ઊંઘ સારી હોય તો જીવનની ઘણી મુશ્કેલીઓનો સામનો કરવાની શક્તિ પણ વધે છે. ■

sanjogpurti@gmail.com

# દાંત કાઢવાની વાત હાંભળીને અભણ અમથાલાલને બોલવાનું મન થયું



"બકા.., તું આવ્યો ત્યારનો દાંત કાઢ કાઢ થ્યો છો. તું મારાંમાં કાંઈ આડું- અવળું ભાળી ગ્યો છો ? કે તારાં ઘરે કાંઈ નવાં જૂની છે? કે પછી.., રસ્તામાં નો જોવાનું જોઈ ગ્યો છો!??"

બેરાલાલે બકાને આવતાં વેંત જ પ્રશ્ન કર્યો.

"ના..રે..ના. બેરાલાલ! હું ક્યાં દાંત કાઢું છું. હું તો હોઠ ફફડાવું છું. તમને કાનની હારે હારે આંખે 'ય મોતીયો આવ્યો છે? જો જો હોં બેરાલાલ ! આજકાલ ઘણીય જગ્યાએ મોતીયામાં માણસોની આંખો 'ય વઈ જાય છે. એક તો તમે ઓછું હાંભળો છો, એમાં જો આંખો ગઈ.. તો ધબાય નમઃ થઈ જાહે. પછી કોઈ બેઠું 'ય નહીં બોલાવે.

અને ભારતમાં હવે ડોક્ટરોનો રાફડો ફાટયો છે. હવને ધંધો કરી લેવો છે. એટલે ઘણાં 'ય ડોક્ટરો દર્દીને જરૂર નથી એવી 'ય દવા પકડાવે છે. જરૂર નથી તોય દાખલ કરી બાટલાં ઉપર બાટલાં ચડાવે છે. અને દર્દીનું દિલ ભલે ભાંગે, પણ પોતાનું બીલ હાજુ કરે છે."

"હવે ઈ તો એનાં બચાડા બાપાએ પેટે પાટાં બાંધીને ભણાવ્યો હોય! માથે દેણું કરીને ડોક્ટર બનાવ્યો હોય, લોન લયને હોસ્પિટલ ચાલું કરી હોય. પછી બીલ નો કરે અને નકરું દિલ જ આગળ કરે તો ડીલ વાળાં આવીને ઊભાં રહી જાય. એટલે બચાડો ડોક્ટર આ ત્રણ શબ્દો બીલ,દિલ અને ડીલ વચ્ચે અટવાતો અટવાતો જિંદગી આખી ખર્ચી નાંખે છે.

ક્યાંરેય તમે એમને રાતનાં બાર વાગે બગાસું ખાતાં જોયો!?"

"એ રાતનાં બાર વાગે બગાસું શા માટે ખાય?? પૈસા નો ખાય લે..!! (ઈમરજન્સી ચાર્જ)"

"હવે ઈ ડોક્ટર પારાયણ જાવા દે, તે દાંત કેમ કાઢ્યાં? ઈ કે..!"

"બેરાલાલ! હજીય હું કવ છું, મેં દાંત કાઢ્યાં 'ય નથી અને કઢાવ્યા 'ય નથી. તમે ક્યાંક ટી.વી.મા કે મોબાઈલમાં હમાચાર જોઈ ગયાં હશો. હમણાં હમણાં એમાં દાંત કાઢવાનું બોવ આવે છે. એમાં ઘણાં 'યને તો હસવામાંથી ખસવું 'ય થઈ જાય છે."



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"હું કાંઈ હમજયો નહીં, બકા !! તું કોની વાત કરે છે?

ઓલ્યો કપીલ રૂપિયા પાંચસોમાં નોકરી કરતો અને આજે દાંત કઢાવવાના એક એપિસોડના પચાસેક લાખ રૂપિયા લે છે, એની વાત કરે છે? "

"ના..આ..બેરાલાલ! આ એની વાત નથી. ઓલ્યા હાઢુભાઈને કોકે હળગતું નથી પકડાવી દીધું છે !"

"અરે..ભાઈ..! કોણ હાઢુભાઈ !? કોનો હાઢુભાઈ..??"

"વાંઢાનો હાઢુભાઈ..રાહુલ ગાંધી..!!"

"એણે ક્યાં કોઈનો હાથ પકડ્યો છે? અને પકડ્યો તો ક્યાંરે પકડી લીધો?"

"એમ નહીં..! આ બધાં અલંકારો કહેવાય! એમાં તમને તો શું મનેય જાજો ટપ્પો પડતો નથી. પણ.., મૂળ વાત એ હમણાં હમણાં ઓલી "છાત્રો કી ગૂંજ"નથી કરતાં..!? એમાં એક સ્ટેન્ડ- અપ કોમેડિયન'પુલકિત મણિ' . એને ભટકાઈ ગયો. કે, જાણી જોઈને ભટકાવ્યો.?? ઈ તો રામ -રહીમ જાણે. પણ, એણે ભારતનાં પ્રધાનમંત્રીની એવી હાંસી ઉડાવી એવી હાંસી ઉડાવી. કે સ્ટેજ આખાંનાં દાંત નીકળી ગયાં."

"હું વાત કરે છે બકા..!? હંધાય ના દાંત નીકળી ગયાં? હંધાય બોખા થઈ ગયાં??"

"એમ ન..ઈ..! હંધાયે ખૂબ દાંત કાઢ્યાં એમ..!! પણ, સરવાળે ઈ દાંત કાઢવા કોમેડિયનને ખૂબ મોંઘા પડ્યાં."

"કેમ કેમ? દાંત કાઢવાનું તો મફત હતું ને..!!"

"દાંત કાઢીને હવ હવને ઘરે વયા ગ્યા. હાઢુભાઈ એનાં ઘરે ગયાં. પણ, ઉત્તર પ્રદેશમાં આ કોમેડિયનના ચાર પાંચ શો કેન્સલ થઈ ગયાં. હવે તમે જ કહો, આ દાંત કાઢવા કોને મોંઘા પડ્યાં??"

દાંત કાઢવાની વાત હાંભળીને અભણ અમથાલાલને બોલવાનું મન થયું..

"ભાઈ..! તમે મોંઘું અને મોંઘવારીની વાત નો કરતાં. દાંત કાઢવાનું તો ભારત કરતાં અમેરિકામાં એક હજાર ઘણું મોંઘું છે."

બેરાલાલ બોલ્યાં વગર નાં રહ્યા.

"એટલે શું ઓલ્યા બુઢ્ઢાએ ન્યા દાંત કાઢવા ઉપર પણ ટેરીફ લગાવી દીધો છે? મોઢાં ઉપર ચેઈન ફીટ કરીને તાળું મારી દીધું છે?"

"બેરાલાલ ! તમે ગુજરાતી ભાષા હમજો!! એની વાકય રચના હમજો. આમને આમ ગુજરાતી ભાષા જોખમમાં આવી જાહે. આપણે ન્યા પાણીનાં દસ પંદર પર્યાય નામ હોય. અને એને ન્યા પાણી એટલે વોટર..બસ..!!"

"તો તમે હમજાવો..! દાંત કાઢવા એટલે શું..?"

"બેરાલાલ ! મોઢાંમાં દાંત હલતો હોય એને કાઢવાની વાત છે."

"અમેરિકામાં એક એન.આર.આઈ. 'નિતિન મલ્હોત્રા'એ ન્યા દુઃખતો દાંત કઢાવ્યો. તો બીલ જોઈને બીજાં દાંતેય હલવા માંડ્યા.

બીલ હતું ૨૫૦૦ ડોલર આપણાં લગભગ અઢી લાખ રૂપિયા. આપણે ત્યાં આ કામ વધીને રૂપિયા દસ થી વીસ હજારમાં થાય."

"અરે પણ..! ન્યા તો હંધાયને ઈન્સ્યોરન્સ હોય છે ને..!!"

"ઈ હંધૂય બાદ કરતાં 'ય અઢી લાખ રૂપિયા ભરવાં પડ્યાં બોલો. ફ્લાઈટ દ્વારા ભારતમાં આવવા -જવાનું ભાડુ 'ય એક થી દોઢ લાખ થાય અને ફરવા મળે ઈ લટકાંમાં."

"તો..તો.. અમેરિકામાં દાંત કાઢવા બોવ મોંઘા પડ્યાં..!! આપણે તો ઘણાં 'ય મફતમાં 'ય દાંત કાઢે છે.(હવે તમે દાંત કાઢ્યાં? કે કઢાવ્યાં !??) ■

kalubhaibhad123@gmail.com

# બચો ટ્રાવેલ સિકનેસથી... આ રીતે



સફર દરમિયાન ક્યાંક વાતાવરણને કારણે, ક્યાંક ધૂળને કારણે કે ક્યાંક પાણીને કારણે આપના સ્વાસ્થ્ય પર કોઈ સમસ્યા આવી પડે, તો એને નિવારવાના આ ઉપાય અપનાવો અને સફરનો ખુલ્લા મને આનંદ ઉઠાવો..!

સફર દરમિયાન તબિયત બગાડવાને ટ્રાવેલ સિકનેસ કહે છે. જોકે આ બહુ અનિયમિત પરિસ્થિતિ હોય છે, જે સંપૂર્ણપણે તોડી દે છે. સફરમાં થનારી આ ચીજ કોઈને પણ થઈ શકે છે, જોકે મહિલાઓ અને ૩ થી ૧૨ વર્ષ સુધીના બાળકોને આ પરેશાની વધુ અસર કરે છે.

ટ્રાવેલ સિકનેસ કાનના આંતરિક હિસ્સાને બેચેન કરી દેનારી અસર છે, જે વારંવાર થનારી ગતિવિધિઓ જેવી કે સવારના મોજાં, ઓટોનો અવાજ, પ્લેનનો અવાજ વગેરે કારણોસર આ અસર થાય છે. કાનનો આંતરિક ભાગ એવી ચીજોને, વિવિધ ઈશારાઓને મહેસૂસ કરે છે, જેને તમારી આંખ જુએ છે અને પછી તે મગજને સંદેશો મોકલે છે અને પરેશાની ઉત્પન્ન કરે છે.



પ્રવાસનામા
જયસ્વી પટેલ

ટ્રાવેલ સિકનેસના લક્ષણો:ઊબકા આવવા, ત્વચા ફીકી પડવી, પરસેવો છૂટવો, ઊલટી થવી, ચક્કર આવવા, માથું દુખવું, થાક લાગવો વગેરે.

ટ્રાવેલ સિકનેસના કારણોઃ સફર દરમિયાન થનારી આ પરેશાનીનું સૌથી મોટું કારણ એ છે કે આ ન્યૂરોલોજિકલની વિરુધ્ધ માનસિક સુરક્ષા રૂપે પેદા થાય છે. આપણું શરીર ગતિમાં હોય છે, એની ખબર આપણું મગજ સંવેદી સિસ્ટમના ત્રણ અલગ-અલગ ભાગો - કાનના અંદરના ભાગો, આંખો અને શરીરના ને કરે છે. દા.ત. જો આંખો મગજને બતાવે છે કે વ્યક્તિ ઊંઘેલો છે, જ્યારે વેસ્ટિબ્યુલર ફ્રેમવર્કમાં માથાની ગતિવિધિઓ ખ્યાલ આવે છે, તો એ મગજને સંદેશો આપીને ચક્કર અપાવે છે અને સફર દરમિયાન થનારી પરેશાનીનો સંકેત આપે છે. કાનના આંતરિક ભાગો દ્વારા ગતિવિધિઓની ઓળખ ન થવાના કારણે સફર દરમિયાન થનારી બીમારી નથી થતી, જેથી ખબર પડે છે કે સફરમાં થનારા ફિટને વધારવામાં કાનનો આંતરિક ભાગ મુખ્ય ભૂમિકા ભજવે છે.

નેત્રહીન લોકોમાં પણ સફર દરમિયાન થનારી બીમારી જોવા મળવાનું કારણ એ મનાય છે કે દ્રશ્ય ઈનપુટ એમનામાં ઓછી ભૂમિકા ભજવે છે, મુવમેન્ટ સિકનેસ થાય છે ત્યાં સુધી જસ્ટિસ પ્રકારના ડેવલપમેન્ટને કારણે થાય છે.

પરેશાનીઓને દૂર કરવાના - ઘટાડવાના ઉપાય:

★ સફર દરમિયાન હંમેશાં કુદરતી હવા લેવાનો પ્રયાસ કરો, કેમકે આપના માટે શ્વાસ લેવો જરૂરી હોઈ, તમે સારું મહેસૂસ કરશો.

★ દરિયાઈ સફર દરમિયાન માથાં અને શરીરની ગતિવિધિઓ ઓછી કરો. તમે આરામ કરી શકો છો કે કમર ટેકવી શકો છો. કોઈ તકિયા દ્વારા આપના માથાને સ્થિર રાખી શકો છો.

★ પોતાને એવી સ્થિતિમાં રાખો, જ્યાં આપને ઓછામાં ઓછી ગતિવિધિઓનો અહેસાસ થાય, જેમકે કોઈ જહાજમાં રિંગ્સની ઉપર.

★ જ્યારે ઓટો કે ગાડી દ્વારા સફર કરતી વખતે પરેશાની થાય, તો પાછળની સીટ પર બેસવાથી બચો. પાછળ બેસીને પુસ્તક વાંચવાને બદલે સામેની સીટ પર બેસવાથી આપને ગતિ સંબંધિત પ્રોબ્લેમ ઓછા પરેશાન કરશે, જે આ પરેશાનીથી દૂર રાખશે.

★ લાંબી સફરમાં બહુ વધુ પડતું ન ખાવ, દરિયાઈ સફર પૂર્વે હળવું ખાવાનું ખાવ અને લાંબા ટ્રેક પર ઓછી માત્રામાં થોડી થોડી વારે ખાવ.

★ સફર દરમિયાન ક્યારેય તમારી આંખો બંધ ન કરો, કેમકે અચાનક કેઝ્યુઅલ ગતિવિધિઓનો અહેસાસ અધિક થાય છે, અને આપને ટ્રાવેલ સિકનેસ શરૂ થઈ જાય છે. જ્યારે પણ આપને પરેશાની શરૂ થાય તો તેવા વખતે બદલાતી જતી વસ્તુઓ, બાહ્ય દ્રશ્યો વગેરે પર નજર કેન્દ્રિત કરવાનું શરૂ કરી દો.

★ દવા કાનની અંદરના ભાગોની તંત્રિકાઓને અને મગજની ઊબકા સામેની પ્રતિક્રિયાને શાંત કરી દે છે, દવા ત્યારે વધુ અસરકારક સાબિત બને છે, જ્યારે તેને પરેશાનીનો અહેસાસ થતાં પૂર્વે જ લેવાઈ જાય.

★ આ પરેશાનીઓથી બચવા માટે બારીની બહાર જુઓ કે તાજી હવાની અવરજવર માટે બારીઓ ખોલી નાખો.

★ થોડું સેવાથી સાયકોસોમેટિક અસરથી પણ રાહત મળે છે.

★ ટ્રાવેલ સિકનેસથી બચવાનો એક સરળ ઉપાય કંઈક ચાવતા રહેવાનો પણ છે. સફર દરમિયાન ચ્યુઈંગમ, કોઈ આયુર્વેદિક ગોળી, ચોકલેટ કે અન્ય સ્વાદિષ્ટ ચીજ-વસ્તુ ચાવ્યા કરવાથી કે મોંમાં ઓગાળ્યા કરવાથી પણ રાહત મળે છે.

★ કેટલાક લોકોને રિસ્ટ બેન્ડ પહેરવાથી પણ રાહત મળે છે, જે નીડલ પોઈન્ટ થેરાપી (P6) પર દબાવ નાખે છે.

★ આદું કે સૂંઠ ટ્રાવેલ સિકનેસને દૂર કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ઊલટી-ઊબકાના ઉપચાર માટે પરંપરાથી આદું-સૂંઠનો ઉપયોગ થઈ રહ્યો છે. ■

sanjogpurti@gmail.com

# બણબણ



એક હતી માખી. તે બહુ જ મસ્તીખોર! સવાર પડે એટલે - બણપબણપબણપ!

"ઊઠો ભાઈ, સૂરજદાદા જાગી ગયા!"

એમ કહીને તે બધાંને જગાડતી.

પણ તેને ગંદકી બહુ ગમે!

કચરાનો ડબ્બો દેખાય એટલે ખુશ થઈ જતી અને કહેતી - "વાહ! મારી ફાઈવ સ્ટાર હોટેલ!"

ગટર દેખાય એટલે કહેતી - "અરે વાહ! મારો સ્વિમિંગ પૂલ!"

અને કચરાનો ઢગલો દેખાય એટલે કહેતી - "આ તો મારું રમવાનું મેદાન!"

એમ કહીને માખી કચરા પર બેસી જતી - બણપબણપ ધપાક!

પછી જાય સીધી રસોડામાં!

એક દિવસ રસોડામાં ગરમ ગરમ પૂરી અને શાક બન્યાં હતાં.



રે વાર્તા!
મનીષ સુથાર

માખીબેનની આંખો ચમકી - "અરે વાહ! આજે તો રાજાશાહી જમણ!"

તે પૂરી પર બેસવા જતી હતી ત્યાં જ રસોડાની બિલાડી બોલી - "ઊભી રહે!"

માખી ગભરાઈ - "કેમ? પૂરી તમારી છે?"

બિલાડી બોલી, "ના, પણ તમે હમણાં ક્યાંથી આવ્યાં?"

માખીબેન ગર્વથી બોલી - "પહેલાં કચરાપેટી, પછી ગટર, પછી કાદવપ અને હવે અહીં!"

બિલાડીએ નાક ચડાવ્યું - "છીં! તમે તો આખા ગામની ગંદકી પગમાં લઈને આવ્યાં છો!"

માખી પોતાના પગ જોવા લાગી. - "અરે બાપ રે! મારા પગ તો નાના, પણ ગંદકી મોટી!"

બિલાડીએ કહ્યું, "માખીબેન, તમે ગંદી જગ્યાએ બેસો છો અને પછી ખોરાક પર બેસો છો. આ સારું નથી."

માખીબેન બોલી - "પણ હું શું કરું? મને આવી ગંદી જગ્યાએ બણબણ કરવું ગમે છે!"

બિલાડી હસીને બોલી - "તું બણબણ ભલે કરો, પણ ગંદકી લઈને નહીં!"

માખી બોલી - "ભલે તમને ગંદકી ન ગમે, પણ ગંદકી જોઉં એટલે મને કાંઈ કાંઈ થાય. ત્યાં બેસું તો જ મને હાશ થાય!"

એમ કહેતાં માખી ફરી ઊડી. ઊડતાં ઊડતાં એની નજર એક તપેલી પર પડી. પણ તપેલી ઢાંકેલી હતી.

માખીને થયું જરૂર આ તપેલીમાં દૂધ હશે! આજે તો દૂધમાં નહાવાની ને દૂધ પીવાની મજા જ મજા! એમ કહેતાં માખી ઢાંકણની નીચે થઈ પડી તપેલીમાં!

પણ આ શું! તપેલીમાં તો પાણી હતું! માખી તો પાણીમાં ડૂબવા લાગી. દૂધમાં નાહવાની લાલચ એને ભારે પડી! ભારે મહેનતે એ તપેલીમાંથી માંડમાંડ બહાર નીકળી - 'અરે બાપ રે! આ દૂધની લ્હાયમાં હું તો ફસાઈ જ ગઈ! આના કરતાં મારો કચરાનો ઢગલો સારો!' એમ વિચારી બણપ બણપ બણપ કરતી એ કચરાના ઢગલા તરફ ઊડી! ■ Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપનીની ૧૫મી વાર્ષિક સાધારણ સભા રાજકોટમાં સંપન્ન

**સભાસદો માટે દસ ટકા ડિવિડન્ડની જાહેરાત કરાઈ અને ત્રેપન કરોડનો નફો નોંધાયો**



રાજકોટ,તા.૨૯

દૂધ ઉત્પાદકોની પોતાની સંસ્થા માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડની ૧૫મી વાર્ષિક સાધારણ સભા તા.૨૯ સપ્ટેમ્બરના રોજ રાજકોટ ખાતે યોજાઈ હતી. આ સભા મા વિશાળ સંખ્યામા દૂધ ઉત્પાદકો ઉપસ્થિત રહ્યા હતા. સભામા સંસ્થાના ચેરમેન વિજયભાઈ ઓડેદરાએ ગત નાણાંકીય વર્ષ દરમિયાન થયેલા વિકાસની વિગતો રજુ કરી હતી. તે જ રીતે મુખ્ય કાર્યપાલક આલોક કુમાર ગુપ્તાએ વર્ષ દરમિયાન કરેલા વિવિધ કાર્યોની માહિતી આપી હતી. તેમણે પશુપાલકોને આર્થિક રીતે સધ્ધર કરવા માટે આપેલો સહકાર અને માર્ગદર્શન બદલ એનડીડીબી નો આભાર માન્યો હતો. માહી ડેરીએ ગત વર્ષ દરમિયાન કુલ ૨૧૨૭.૦૩ કરોડ રૂપિયાની આવક મેળવી છે. જેમા કંપની ને ૫૩.૬૪ કરોડનો નફો થયેલો છે. સંસ્થા એ સભાસદો ને ૧૦ ટકા ડિવિડન્ડ આપવાનુ નક્કી કરેલુ છે.

# ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા દુધાળા હેતની હવેલી ખાતે ૨૦૮ સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન યોજાશે

**ગાગડીયો અને જમકુડી નદી કાંઠાના ગામોના જરૂરિયાતમંદ પરિવારોને લાભ લેવા સવજીભાઈ ધોળકિયાની અપીલ**



અમરેલી,તા.૨૯

ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયા દ્વારા ગાગડીયો અને જમકુડી નદીના કાંઠે આવેલા ગામોના વિકાસ તેમજ જરૂરિયાતમંદ પરિવારો માટે ૨૦૮ સર્વજ્ઞાતિ સમૂહ લગ્ન ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૦૮ સરોવરના નિર્માણ કાર્ય અને કિસના ડાયમંડ જ્વેલરીના ૨૦૮ શોરૂમના નિર્માણના આનંદોત્સવ નિમિત્તે ૨૦૮ દીકરીઓના સમૂહ લગ્ન યોજાશે. આ આયોજનના ભાગરૂપે ગાગડીયો અને જમકુડી નદીના કાંઠે વસેલા લુણકી, હરસુરપુર દેવળીયા, કેરીયા, લાઠી, દુધાળા, અકાળા, મતીરાળા, લુવારીયા, અંટાળીયા, હાથીગઢ, સાજણટીંબા અને બોડીયા સહિતના ગામોના આગેવાનોની અગત્યની બેઠક મળી હતી. બેઠક ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. તેમણે જરૂરિયાતમંદ પરિવારોને સમૂહ લગ્ન સમારોહનો લાભ લઈ જીવનની નવી શરૂઆત કરવા અપીલ કરી હતી.

# ખાંભા તાલુકા માટે સૌની યોજના હેઠળ પાણી છોડવા રજૂઆત

અમરેલી,તા.૨૯

ખાંભા તાલુકાના ખેડૂતો મુખ્યત્વે વરસાદ આધારિત ખેતી તેમજ કુવા અને બોરના પાણીથી ખેતી કરે છે. ચોમાસાના વરસાદ બાદ દિવાળી સુધી જ મોટા ભાગના કુવા અને બોરમાં પાણી રહેતું હોવાથી રવિ પાકના અંતિમ પિયત સમયે પાણીની અછત સર્જાય છે. ઘઉં, દિવેલા, ડુંગળી, રાયડો, તુવેર અને ચણાના પાકને છેલ્લું પિયત ન મળતાં ખેડૂતોને મુશ્કેલી પડે છે. દેદુમલ નદીમાં સૌની યોજના હેઠળ નર્મદાનું પાણી ઠાલવવામાં આવે તો આશરે ૨૫ ગામોના કુવા અને બોરના તળ ઊંચા આવી શકે તેવી રજૂઆત કરવામાં આવી છે. સુરજવડી, લાપાળીયા, ઈંગોરાળા, સમઢીયાળા સહિતના ગામોના ખેડૂતોને તેનો લાભ મળી શકે છે. આ અંગે રાજ્યના કૃષિ મંત્રી, ધારાસભ્ય, સાંસદ અને ભાજપ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરાને સામાજિક કાર્યકર ભાનુભાઈ કોઠીયા દ્વારા રજૂઆત કરાઈ છે.

# વિજપડીમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો, ૧૩૫ દર્દીઓની તપાસ કરવામાં આવી



અમરેલી,તા.૨૯

સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામે આહીર સમાજ વાડી ખાતે અંબુજા ફાઉન્ડેશન, રણછોડદાસજીબાપુ ચેરિટેબલ હોસ્પિટલ-રાજકોટ અને માધવ સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે નેત્ર નિદાન તથા નેત્રમણિ આરોપણ કેમ્પ યોજાયો હતો. આસપાસના ૧૫ ગામોના જરૂરિયાતમંદ દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો. રાજકોટની નિષ્ણાંત તબીબોની ટીમે ૧૩૫ દર્દીઓની આંખોની તપાસ કરી હતી, જેમાંથી ૩૬ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યા હતા. પસંદ થયેલા દર્દીઓને સંસ્થાની બસ મારફતે રાજકોટ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ઓપરેશન, રહેવા અને જમવાની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે. અંબુજા ફાઉન્ડેશન દ્વારા દર્દીઓ માટે નાસ્તા અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. માધવ સેવા ટ્રસ્ટનો આ ૧૩૧મો કેમ્પ હતો. આ પ્રસંગે ટ્રસ્ટના ભાવેશભાઈ લાડુમોર સહિતના સેવાભાવીઓ તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહી સેવા આપી હતી.

# અમરેલીનું રાધેશ્યામ ફાટક આજે રાત્રે ૯થી સવારના ૯ વાગ્યા સુધી બંધ રહેશે

અમરેલી,તા.૨૯

અમરેલી- ચલાલા એમ.જી. સેક્શન પર આવેલ લેવલ ક્રોસિંગ નં. ૨૫ ઠ એટલે કે રાધેશ્યામ ફાટકને ઓવરહોલિંગના કામ માટે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રાત્રે ૯ વાગ્યાથી ૧ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યા સુધી વાહનવ્યવહાર માટે બંધ રાખવામાં આવશે. કુલ ૧૨ કલાક દરમિયાન ફાટક પર ઓવરહોલિંગનું કામ હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન ફાટક પરથી વાહનવ્યવહાર બંધ રહેશે. જેના કારણે આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા સૂચના આપવામાં આવી છે. સંબંધિત વિભાગ દ્વારા ફાટકના ઓવરહોલિંગનું કામ નિયત સમયગાળામાં પૂર્ણ કરવા આયોજન કરવામાં આવ્યું છે.જેથી પોલીસ અને વહીવટી તંત્રને જાણ કરવામાં આવી છે.

# પહેલા ઈવીએમ હવે ચૂંટણીપંચ સામે કોંગ્રેસના આક્ષેપો પાયાવિહોણા : અતુલ કાનાણી

**આવતીકાલે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અમરેલી ખાતે આવશે**



અમરેલી,તા.૨૯

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ ચૂંટણી પંચ સામે રાહુલ ગાંધી અને કોંગ્રેસ દ્વારા કરાયેલા આક્ષેપોને તથ્યહીન અને પાયાવિહોણા ગણાવ્યા છે. ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું હતું કે, જનતાનો વિશ્વાસ ગુમાવી ચૂકેલી કોંગ્રેસ હાર ન પચાવી શકતાં પહેલાં EVM, ત્યારબાદ SIR અને હવે સ્વાયત્ત બંધારણીય સંસ્થા ચૂંટણી પંચ પર ખોટા આરોપો લગાવી ફેક નેગેટિવ ઊભું કરી રહી છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે ચૂંટણી કમિશનરોએ સંયુક્ત નિવેદન આપીને સાબિત કર્યું છે કે SIR સંબંધી તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવાયા હતા અને ફોર્મ-૬ ના મૂળ સ્વરૂપમાં કોઈ ફેરફાર કરાયો નથી, જેને સુપ્રીમ કોર્ટે પણ માન્ય રાખ્યો છે. પોતાની તરફેણમાં પરિણામ આવે ત્યારે લોકશાહી અને ભાજપ જીતે ત્યારે 'વોટ ચોરી'નો કાલ્પનિક આરોપ લગાવવાની કોંગ્રેસની બેવડી નીતિ ખુલ્લી પડી ગઈ છે. વધુમાં અતુલ કાનાણીએ જણાવ્યું હતું કે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા આગામી તા.૧ના રોજ અમરેલી ખાતે આવનાર છે.

# લાઠી તાલુકાના આંબરડી ગામે રત્ન કલાકારે વ્યાજ આપવાનું બંધ કરતાં મારી નાખવાની ધમકી આપી

લાઠી, તા.૨૯

લાઠીના આંબરડી ગામે રહેતા રત્ન કલાકારને મકાન બનાવવા માટે વ્યાજે રૂપિયા લેવાનું ભારે પડ્યું હતું. રૂપિયા આપવાના બંધ કરતાં જાનથી મારવાની ધમકી અપાઈ હતી. બનાવ અંગે તુલસીભાઈ કરશનભાઈ સોરઠીયા (ઉ.વ.૪૨)એ ત્રિકમભાઈ કાળુભાઈ મજેઠીયા તથા ઘનશ્યામભાઈ ટીંબડીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને મકાન બનાવવા માટે પૈસાની જરૂરિયાત હોવાથી ત્રીકમભાઈ મજેઠીયાને વાત કરતાં તેમણે ઘનશ્યામભાઈ ટીંબડીયાને બોલાવી વ્યાજ વટાવનાં વગર લાયસન્સે રૂ.૮૦,૦૦૦ ૧૦ ટકા લેખે મહિનાના ઉંચા વ્યાજદરે આપ્યા હતા. જેમાંથી ત્રીકમભાઈએ રૂ.૫૦૦૦ દલાલી તરીકે તેમની પાસેથી કપાત કરી લઈ, તેમને રૂ.૭૫,૦૦૦ આપ્યા હતા. બન્ને આરોપીઓ તેમની પાસેથી દર મહિનાની એકથી પાંચ તારીખમાં રૂબરૂમાં વ્યાજનાં રૂ.૮,૦૦૦ રોકડા, આશરે ૧૨ મહિના સુધીનું રૂ.૯૮,૦૦૦ વ્યાજ લીધું હતું. તેઓ ક્યારેક વ્યાજ ટાઈમસર નહી આપતા ૨-૨ હજાર વધારાનું વ્યાજ મળી કુલ એક લાખ રૂપિયા વ્યાજ લીધું હતું. તેમણે છેલ્લા ચાર મહિનાથી વ્યાજ આપવાનું બંધ કરતાં તેમને ગાળો આપી, વ્યાજની પઠાણી ઉઘરાણી કરી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી એ ચારોલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધોરાજીમાં 'ભારત કો જાનો' તાલુકા કક્ષાની સ્પર્ધા યોજાઈ



ધોરાજી,તા.૨૯

ભારત વિકાસ પરિષદ ધોરાજી શાખા દ્વારા રાષ્ટ્રીય પ્રકલ્પ 'ભારત કો જાનો' અંતર્ગત તાલુકા કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. ધોરાજી શહેર-તાલુકાની ૩૦ શાળામાં યોજાયેલી સ્પર્ધામાં ૨૨૧૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તા. ૨૦ સપ્ટેમ્બરે ક્રિસ્ટલ સ્કૂલ ખાતે મૌખિક પરીક્ષા યોજાઈ હતી. જેમાં અ વિભાગમાં યુનિક સ્કૂલ અને બ વિભાગમાં રોયલ ગર્લ્સ માધ્યમિક શાળા પ્રથમ રહી હતી. દ્વિતીય ક્રમે ક્રિસ્ટલ પ્રાથમિક શાળા અને પટેલ કન્યા વિનય મંદિર રહ્યા હતા. વિજેતાઓને શીલ્ડ અને સર્ટિફિકેટ આપી સન્માનિત કરાયા હતા.

# પીપાવાવ કોસ્ટગાર્ડ સ્ટેશનમાં કર્મચારીના આપઘાતથી ચકચાર

અમરેલી,તા.૨૯

રાજુલા તાલુકાના પીપાવાવ ખાતે આવેલા ઈન્ડિયન કોસ્ટગાર્ડ સ્ટેશનની અંદર મેચ બિલ્ડિંગમાં કર્મચારી જવાને ગળાફાંસો ખાઈ આપઘાત કર્યાની ઘટનાથી ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં કોસ્ટગાર્ડ સ્ટેશનમાં સન્નાટો છવાઈ ગયો હતો. મૃતક કર્મચારીની ઓળખ ધાર્મિક શાંતિલાલ કોટડીયા ઉંમર ૨૮ વર્ષ, રહેવાસી જૂનાગઢ તરીકે થઈ છે. તેઓ કોસ્ટગાર્ડમાં સિપાઈ તરીકે ફરજ બજાવતા હતા. ઘટનાની જાણ થતાં મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજુલા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે પીપાવાવ મરીન પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. પોલીસ દ્વારા કર્મચારીના આપઘાત પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ કરવામાં આવી રહી છે.

# આમોદ્રા વિનય મંદિર ખાતે NEP-૨૦૨૦ અંતર્ગત TLM પ્રદર્શન યોજાયું



આમોદ્રા,તા.૨૯

આમોદ્રા વિનય મંદિર ખાતે તા. ૨૪ સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ અંતર્ગત શાળા સ્તરીય TLM પ્રદર્શન યોજાયું હતું. ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓએ બે-બેની જોડી બનાવી શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિવિધ વિષયોના શૈક્ષણિક સાધનો અને વર્કિંગ મોડેલ તૈયાર કર્યા હતા. વિજ્ઞાનમાં માનવ શ્વસનતંત્ર, જળચક્ર, જ્વાળામુખી અને પૃથ્વીની આંતરિક રચનાના મોડેલ રજૂ કરાયા હતા. ગણિત, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી અને સમાજશાસ્ત્રના વિવિધ મોડેલોએ પણ આકર્ષણ જમાવ્યું હતું. નકામી વસ્તુઓમાંથી ઓછા ખર્ચે તૈયાર કરાયેલા સાધનો દ્વારા વિદ્યાર્થીઓએ સર્જનાત્મકતા અને ટીમવર્કનું પ્રદર્શન કર્યું હતું.


**મામલતદાર કચેરી અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

**કોર્ટ રોડ, વિસાવદર**

નં. એમએજી / કેસ નં.૮૫/ ૨૦૨૬ — તા.૨૦/૦૮/૨૦૨૬

શ્રી કેશવભાઈ ભાયાભાઈ શિરોયા સ.ઓ. ભાયાભાઈ લાલાભાઈ શિરોયા,
રહે.સી/ઓ. શામજીભાઈ બાવાભાઈ પટોળીયા,
ગુંદાળા, તા.મેંદરડા, જિ.જુનાગઢ, ........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને
તલાટી કમ મંત્રીશ્રી, વિરપુર, તા. વિસાવદર. .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી કેશવભાઈ ભાયાભાઈ શિરોયા સ.ઓ. ભાયાભાઈ લાલાભાઈ શિરોયા, રહે.સી/ઓ. શામજીભાઈ બાવાભાઈ પટોળીયા, ગુંદાળા, તા.મેંદરડા, જિ.જુનાગઢ એ તેમનો જન્મ તા.૦૧/૦૬/૧૯૬૪ ના રોજ વિસાવદર તાલુકાના વિરપુર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વિરપુર, તા.વિસાવદર ના જન્મ/મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે, જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, વિરપુર, તા.વિસાવદર ના જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી.
(એન.જી.ધાંધલ્યા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર



**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ કેસ નં.૧૬૮/૨૦૨૬

અરજદાર : સોમાતભાઈ વશરામભાઈ બાંભણીયા
સરનામુ : રે.વઢેરા તા.જાફરાબાદ જી.અમરેલી
વિરૂધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી
- વ -
તલાટી કમ મંત્રીશ્રી-વઢેરા
તા.જાફરાબાદ જી.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના વઢેરા ગામના શ્રી સોમાતભાઈ વશરામભાઈ બાંભણીયા એ તેમના પુત્રી નામે શ્રી દેવંશીબેન સોમાતભાઈ બાંભણીયા નો તા.૦૪/૦૯/૨૦૧૫ નાં રોજ જન્મ થયા અંગેની નોંઘ કરાવવા તેમના વકીલ શ્રી એસ.એન.ખટાણા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંઘ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તરકાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.જેની નોંઘ લેવી.

આજ તારીખ.૦૭ માહે ઓગષ્ટ સને.૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૭/૦૮/૨૦૨૬

(કોર્ટનો સિક્કો)

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


# કોડીનાર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ટેકનોલોજી સપ્તાહની ઉજવણી



કોડીનાર, તા.૨૯

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનાર દ્વારા તા.૨૧થી ૨૬ સપ્ટેમ્બર દરમિયાન ટેકનોલોજી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાના વિવિધ તાલુકાના ૨૮૮ ખેડૂતો તથા ૬૮ ખેત મહિલાઓને પ્રાકૃતિક ખેતી, જમીન-પાણી પૃથકરણ, મૂલ્યવર્ધન, કૃષિ યાંત્રિકીકરણ, બાગાયતી ખેતી, વૈજ્ઞાનિક ખેતી પતિ અને રોગ-જીવાત નિયંત્રણ અંગે તાલીમ અપાઈ હતી. તાલીમાર્થીઓને કૃષિ વિજ્ઞાન કેન્દ્રના મ્યુઝિયમ, કોમ્યુનિટી રેડિયો સ્ટેશન, પ્રયોગશાળા, ગૃહ વિજ્ઞાન લેબ સહિતના ડેમો યુનિટની મુલાકાત કરાવવામાં આવી હતી. વરિષ્ઠ વૈજ્ઞાનિક જિતેન્દ્રસિંહ સહિત વિષય નિષ્ણાતોએ માર્ગદર્શન આપ્યું હતું. ખેડૂતોના ખેતીલક્ષી પ્રશ્નોનું નિરાકરણ કરાયું હતું. કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટ, પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને અંબુજા ફાઉન્ડેશનનો સહયોગ મળ્યો હતો.


**CHANGE OF NAME**

I THE UNDERSIGNED AMI KAUSHIKKUMAR BOKARVADIYA HERE BY DECLARE THAT I HAVE CHANGED MY NAME AMI KAUSHIKKUMAR BOKARVADIYA TO AMIBEN KAUSHIKKUMAR BOKARVADIYA (NEW) NOW ONWORDS I WOULD BE KNOWN AS AMIBEN KAUSHIKKUMAR BOKARVADIYA (NEW)
SIGN: AMIBEN KAUSHIKKUMAR BOKARVADIYA
DT.29/09/2026
At.Indravihar Society, Amreli

# પ્રધાનમંત્રી મોદીની ડિગ્રી મામલે અરવિંદ કેજરીવાલની અપીલ ગુજરાત હાઈકોર્ટે ફગાવી

**રૂ.૨૫ હજારના કોસ્ટનો સિંગલ જજનો આદેશ યથાવત**



અમદાવાદ,તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી જાહેર કરવાના મામલે અરવિંદ કેજરીવાલને ગુજરાત હાઈકોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે કેજરીવાલની અપીલ ફગાવી દેતાં સિંગલ જજ દ્વારા કરવામાં આવેલો રૂ.૨૫ હજારનો કોસ્ટનો આદેશ યથાવત્ રાખ્યો છે. આ મામલે સિંગલ જજે માર્ચ ૨૦૨૩માં સેન્ટ્રલ ઈન્ફોર્મેશન કમિશનના ૨૦૧૬ના આદેશને રદ કર્યો હતો. આ ચુકાદા સામે કેજરીવાલે રિવ્યૂ અરજી કરી હતી, જેને પણ સિંગલ જજે નકારી દીધી હતી. ત્યારબાદ તેમણે ડિવિઝન બેન્ચ સમક્ષ અપીલ કરી હતી. ૨૪ સપ્ટેમ્બરે સુનાવણી પૂર્ણ થયા બાદ ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો અને ૨૯ સપ્ટેમ્બરે અપીલ ફગાવી દેવામાં આવી હતી. આ કેસમાં ગુજરાત યુનિવર્સિટીએ CICના ડિગ્રી સંબંધિત માહિતી જાહેર કરવાના નિર્દેશને હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

# રાજ્યમાં આવતીકાલથી ESIC યોજનાનો અમલ, ૮ થી ૧૦ લાખ શ્રમિકોને મળશે સામાજિક સુરક્ષા

ગાંધીનગર,તા.૨૯

ગુજરાતના લાખો શ્રમિકોની સામાજિક તથા સ્વાસ્થ્ય સુરક્ષા મજબૂત કરવા માટે સરકારે એક ઐતિહાસિક અને પ્રશંસનીય નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન અનુસાર, આવનારી ૧ ઓક્ટોબરથી સમગ્ર ગુજરાતમાં



ઈએસઆઈસી (ESIC) યોજનાનું વિસ્તૃત અમલીકરણ કરવામાં આવશે. આ યોજના હેઠળ રાજ્યના તમામ ૩૧ જિલ્લાઓને પૂર્ણપણે આવરી લેવામાં આવશે. અગાઉ બિલકુલ અમલવારી ન ધરાવતા ૧૫ જિલ્લાઓ તેમજ અગાઉ માત્ર આંશિક રીતે આવરી લેવાયેલા ૧૬ જિલ્લાઓના બાકી રહેલા તમામ વિસ્તારોને હવે આ યોજનાના દાયરામાં સાંકળી લેવામાં આવશે.

સરકારના આ મહત્વપૂર્ણ પગલાથી રાજ્યના અંદાજે ૮ થી ૧૦ લાખ નવા શ્રમિકોને સીધો લાભ મળશે અને તેમને સામાજિક સુરક્ષા કવચ પ્રાપ્ત થશે. શ્રમિકો અને તેમના પરિવારજનોને પોતાના ઘરઆંગણે જ ગુણવત્તાસભર તથા ઉત્કૃષ્ટ તબીબી સારવાર મળી રહે તે માટે હાલમાં કાર્યરત ૧૦૩ ઈએસઆઈસી ડિસ્પેન્સરીઓની સંખ્યામાં પણ મોટા પાયે વધારો કરવામાં આવશે.

# ઓખા ન.પા ચૂંટણીમાં વોર્ડ નં. ૪માં ભાજપની આખી પેનલ બિનહરીફ

ઓખા,તા.૨૯

ઓખા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીના કાર્યક્રમ વચ્ચે વોર્ડ નં. ૪માં ભાજપની આખી પેનલ બિનહરીફ વિજેતા જાહેર થતાં ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો છે. આગામી ૧૧ ઓક્ટોબરે યોજાનારા મતદાન પહેલા જ વોર્ડ નં. ૪માં ભાજપના ચેતનભા માણેક, દક્ષાબેન થોભાણી, મિલન બારીયા અને હીનાબેન નિમાવત સામે અન્ય કોઈ ઉમેદવાર મેદાનમાં ન રહેતા ચારેય ઉમેદવારોને બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. ઉમેદવારી પત્રકની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અન્ય ઉમેદવારોના ફોર્મ ન રહેતા આ પરિણામ આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ચૂંટણી પહેલા જ ભાજપનું ખાતું ખુલતા પક્ષના કાર્યકરો અને સમર્થકોમાં આનંદનો માહોલ જોવા મળ્યો હતો.

# રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજના પ્રિન્સિપાલ પરેશ રાવલને ડિસમિસ કરાયા

રાજકોટ,તા.૨૯

રાજકોટના શિક્ષણ જગતમાંથી મોટા સમાચાર સામે આવ્યા છે. આઝાદી કાળથી કાર્યરત ધર્મેન્દ્રસિંહજી આર્ટસ સરકારી કોલેજના પ્રિન્સિપાલ પરેશ રાવલને રાજ્યના શિક્ષણ વિભાગે નોકરીમાંથી ડિસમિસ કર્યા છે. લાંબી તપાસ બાદ નાણાકીય ગેરરીતિ સાબિત થતાં



આ કાર્યવાહી કરવામાં આવી છે. પ્રિન્સિપાલ સામે રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) હેઠળ મળેલી ગ્રાન્ટમાં ગેરરીતિનો આક્ષેપ હતો. કોલેજને મળેલી ૫૦ લાખની ગ્રાન્ટમાંથી ૨૫.૩૬ લાખની રકમમાં નાણાકીય છેતરપીંડી થઈ હોવાનું કહેવાયું હતું. મળતી માહિતી મુજબ, પરેશ રાવલ કચ્છના રાપરની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજમાં ઈન્ચાર્જ આચાર્ય તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે આ ગેરરીતિ આચરવામાં આવી હતી. શિક્ષણ વિભાગે સમગ્ર પ્રકરણની તપાસ હાથ ધરી હતી, જેમાં ગ્રાન્ટના ઉપયોગ અને નાણાકીય વ્યવહારોની વિગતો ચકાસવામાં આવી હતી. તપાસમાં ગંભીર ગેરરીતિઓ સામે આવી હતી. આ કાર્યવાહીથી શિક્ષણ જગતમાં ચર્ચા શરૂ થઈ છે.

# શંકરસિંહ વાઘેલા ફરી કોંગ્રેસમાં જોડાઈ તેવી ચર્ચાએ જોર પકડ્યુ

અમદાવાદ,તા.૨૯

ગુજરાતના રાજકારણમાં શંકરસિંહ વાઘેલાની ફરી કોંગ્રેસમાં જોડાવાની ચર્ચાએ જોર પકડ્યું છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હોવાનું સામે આવ્યું છે કે વાઘેલા સહિત કેટલાક નેતાઓને કોંગ્રેસમાં જોડાવવા અંગે હાઈકમાન્ડ સાથે ચર્ચા ચાલી રહી છે. શંકરસિંહ વાઘેલાએ પણ ચર્ચા ચાલી રહી હોવાની વાતને સમર્થન આપ્યું હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. શંકરસિંહ વાઘેલા અગાઉ કોંગ્રેસ સાથે જોડાયેલા રહ્યા હતા. ૧૯૯૫માં તેમણે ભાજપમાંથી અલગ થઈ રાષ્ટ્રીય જનતા પાર્ટીની રચના કરી હતી અને કોંગ્રેસના સમર્થનથી ગુજરાતના મુખ્યમંત્રી બન્યા હતા. બાદમાં ૧૯૯૮માં તેમની પાર્ટી કોંગ્રેસમાં વિલીન થઈ હતી. ૨૦૧૭માં તેમણે કોંગ્રેસ છોડીને જનવિકલ્પ મોરચાની રચના કરી હતી.

# સાયલાના ઢીંકવાળી ગામે તળાવમાં ન્હાવા પડેલા બે યુવકોના ડૂબી જવાથી કરૂણ મોત



સુરેન્દ્રનગર, તા.૨૯

સાયલા તાલુકાના ઢીંકવાળી ગામના તળાવમાં ન્હાવા પડેલા બે યુવકોના ડૂબી જવાથી કરુણ મોત નીપજ્યાં હતા. ત્રણ મિત્રો તળાવમાં ન્હાવા ગયા હતા, દરમિયાન પ્રતાપભાઈ ખાચર અને મેહુલભાઈ જાતવડા ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં સ્થાનિક તરવૈયાઓ અને ગ્રામજનો તાત્કાલિક તળાવ ખાતે પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ બંનેના મૃતદેહોને બહાર કાઢ્યા હતા. મૃતકોમાં કરાડી ગામના ૨૪ વર્ષીય પ્રતાપભાઈ ખાચર અને ઢીંકવાળી ગામના ૨૦ વર્ષીય મેહુલભાઈ જાતવડાનો સમાવેશ થાય છે. બનાવને પગલે બંને પરિવારોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. પરિવારજનોએ ઘટનાને અકસ્માત ગણાવી કોઈ શંકા ન હોવાનું જણાવ્યું હતું. બનાવની જાણ થતાં ધજાળા પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી. પોલીસે અકસ્માત મોત અંગે નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સમગ્ર ઘટનાથી પંથકમાં અરેરાટી ફેલાઈ છે.

# સિંહોના બીજા નિવાસસ્થાન બરડાને લઈ પોરબંદર વન વિભાગમાં મોટો ફેરફાર કરાયો

પોરબંદર,તા.૨૯

એશિયાટિક સિંહોના બીજા નિવાસસ્થાન તરીકે બરડા વિસ્તારને વિકસાવવાની યોજનાને વધુ મજબૂત બનાવવા ગુજરાત સરકારે પોરબંદર વન વિભાગના માળખામાં મોટો ફેરફાર કર્યો છે. વન વિસ્તારનું વ્યવસ્થાપન વધુ સુદઢ બને, ગ્રાઉન્ડ લેવલ પર મોનિટરિંગ



વધે અને વન્યજીવ સંરક્ષણની યોજનાઓનો સુચારુ અમલ થઈ શકે તે હેતુથી આ પુનઃરચના કરવામાં આવી છે.લગભગ ૧૪૩ વર્ષ બાદ સિંહો કુદરતી રીતે બરડા વિસ્તારમાં પરત ફર્યા છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને વન વિભાગમાં રેન્જ, બીટ અને અધિકારી સ્તરે જવાબદારીઓ સ્પષ્ટ કરવામાં આવી છે. આ વ્યવસ્થાથી પેટ્રોલિંગ, સ્થાનિક દેખરેખ અને માનવ-વન્યજીવ ઘર્ષણને રોકવામાં મદદ મળશે.

પોરબંદર રેન્જ હવે ૮૦ ગામોના કુલ ૬,૮૪૦.૮૪ હેક્ટર વિસ્તારને આવરી લેશે. જેમાં પોરબંદર સિટી, ગોસાબારા, મોકાર, વિસાવડા, કંટેલા, માધવપુર અને સટીયા જેવી મુખ્ય બીટનો સમાવેશ થાય છે. નવી વ્યવસ્થાથી બરડા વિસ્તારમાં સંરક્ષણ કામગીરી વધુ અસરકારક બનવાની આશા છે.

# કરોડોના સાયબર ફ્રોડનો આરોપી દુબઈથી મુંબઈ આવતા ઝડપાયો

સુરત, તા.૨૯

કરોડો રૂપિયાના ઓનલાઈન ફ્રોડના કેસમાં છેલ્લા ત્રણ વર્ષથી ફરાર આરોપી મોહમદ સાહીબ મોહમદ સાદીક તંબુવાલાની સુરત સાયબર ક્રાઈમે ધરપકડ કરી છે. આરોપી દુબઈમાં રહી આંતરરાષ્ટ્રીય સાયબર ગેંગ સાથે જોડાયેલો હોવાનો પોલીસનો દાવો છે. તેની સામે



લુકઆઉટ સર્ક્યુલર જાહેર કરાયું હતું. દુબઈથી મુંબઈ એરપોર્ટ પહોંચતા જ પોલીસે એરપોર્ટ ઓથોરિટીની મદદથી તેને ઝડપી લીધો હતો. તપાસમાં બેન્ક એકાઉન્ટ, ડમી કંપનીઓ અને નાણાકીય વ્યવહારોનું નેટવર્ક સામે આવ્યું છે. આરોપી પાસેથી વધુ માહિતી મેળવવા પોલીસે રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરી છે.

# મુંબઈની હોટલમાં વડોદરાની યુવતી પર સામૂહિક દુષ્કર્મના પ્રયાસથી ચકચાર

વડોદરા, તા.૨૯

વડોદરાની યુવતી સાથે મુંબઈની હોટલમાં નશીલા પદાર્થનું સેવન કરાવી સામૂહિક દુષ્કર્મનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ સામે આવ્યો છે. મુંબઈથી પરત ફરતી વખતે વાપી નજીક યુવતીની તબિયત લથડતાં તેને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સારવાર દરમિયાન તબીબોને ઘટનાની આશંકા થતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. જેના આધારે વાપીની ડુંગરા પોલીસે તપાસ હાથ ધરી પાંચ યુવકો સામે ગુનો નોંધ્યો છે. પોલીસે સફાન ઝફર શેખ અને ફરીદ વાહિદ કોઠીયાવાલાની ધરપકડ કરી છે, જ્યારે ફૈઝાન, વસીમ અને સલમાન નામના ત્રણ આરોપીઓ ફરાર હોવાથી તેમની શોધખોળ ચાલી રહી છે.

# રાજકોટમાં નકલી ચલણી નોટ બનાવનાર શાકભાજીના વેપારીની પોલીસે કરી ધરપકડ

રાજકોટ,તા.૨૯

રાજકોટ શહેરના માંડાડુંગર વિસ્તારમાં રહેણાંક મકાનમાં રહી શાકભાજીનો વેપાર કરતા શખ્સે આર્થિક ભીંસ દૂર કરવા શોર્ટકટ અપનાવી નકલી ચલણી નોટો બનાવવાનું શરૂ કર્યું હતું. પોલીસને આ અંગે જાણ થતાં રાજકોટ શહેર એસઓજી અને ક્રાઈમ બ્રાન્ચની ટીમે આરોપીની ધરપકડ કરી હતી. તેની પાસેથી રૂ.૧૦૦ અને



રૂ.૫૦૦ના દરની નકલી ચલણી નોટો, પ્રિન્ટર સહિત કુલ રૂ.૬૫ હજારનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપી ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોતો હતો. દરમિયાન તેને નકલી ચલણી નોટ બનાવવાની રીલ મળી હતી. રીલ મારફતે એકાઉન્ટ ધારકનો સંપર્ક કરી ટેલિગ્રામ પર વાતચીત કરી તેણે નકલી નોટ બનાવતા શીખ્યું હતું. ત્યારબાદ જરૂરિયાત મુજબ નોટો બનાવી તેને વટાવવાનું શરૂ કર્યું હતું. પોલીસે આરોપીને ત્રણ દિવસના રિમાન્ડ પર મેળવી વધુ તપાસ હાથ ધરી છે.








